
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૭ || અંક: ૫ || મે ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૩

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ।। આદ્યસ્થાપકોને શ્રદ્ધાંજલિ ।।



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ.શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ (ભીખાભાઈ સાહેબ)ની પૂણ્યતિથિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે બીબીઆઈટી-ઈસ્કોન મંદિર સામે આવેલ પૂ.ભીખાભાઈ સાહેબની પ્રતિમા તથા સમાધિએ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ સહમંત્રી શ્રી રમેશ તલાટી, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, બીબીઆઈટી કૉલેજના આચાર્યશ્રી ડૉ. કે.એમ. મકવાણા, તથા બીજેવીએમ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય તથા ઓ.એસ.ડી. કેતકીબેન શેઠ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ભીખાભાઈ સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૫
સળંગ અંક : ૬૪૩

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

કર્મણ્યેવાધિકારસ્તે



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ
**સંપાદન-સહાય**
વિજય સુથાર ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી  શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

## લવાજમ અંગે નમ્ર વિનંતિ

'વિ-વિદ્યાનગર' ગ્રાહકશ્રીઓને નિયમિતપણે ચોક્સાઈપૂર્વક મોકલવામાં આવે છે. વિ-વિદ્યાનગરના આગામી અંકો પણ આપ સર્વેને નિયમિતપણે મળતા રહે તે માટે આપશ્રીનું **વાર્ષિક લવાજમ જો જમા કરાવવાનું બાકી હોય તો સત્વરે જમા કરાવવા વિનંતિ છે.** જેથી કરીને આપ સર્વેને અંકો મોકલવાની નિયમિતતા જળવાઈ રહે. દિવંગત થયેલા ગ્રાહકશ્રીઓના પરિજનોને અંક ચાલુ રાખવા કે બંધ કરવા તે અંગેની જાણ ચારુતર વિદ્યામંડળના કાર્યાલયને સમયસર કરવા માટે પણ નમ્ર વિનંતિ છે.

**ડો. એસ. જી. પટેલ**
માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ અને પ્રકાશક વિ-વિદ્યાનગર

**લવાજમ અંગેની વધુ માહિતી માટે**
શ્રી નિકુલભાઈ પટેલ (મો) ૯૯૦૯૯૦૯૮૩૩
ડો. ઉર્વીશ છાયા (મો) ૯૮૨૫૪૦૯૩૯૮
નો સંપર્ક કરી શકાય.


|| પ્રાથમ્ય || પ્રેરક પ્રસંગ ..............................૩
**સં. એસ.જી.પટેલ લે. કાંતિભાઈ મેવાડા**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** સ્વદેશાભિમાન............................૪
**નર્મદાશંકર લા.દવે**

|| આપણો વૈભવ અને વારસો || ...................૫
**પદ્ય-વિભાગ : ગંગાસતી, કબીરસાહેબ**

|| નવાં કાવ્યો || .........................................૬
**યોગેશ પંડ્યા, સુધીર પટેલ, શૈલેષ ગઢવી, પૂર્ણિમા ભટ્ટ**

|| પરંપરા || પંગત જમણની મજા ........................૭
**ભરત અંજારિયા**

|| લઘુકથા || વિવશતા .................................૮
**પી. એમ. લુણાગરિયા**

|| અભ્યાસ || સાંપ્રત કવિતામાં માનવસંવેદનાનાં કેટલાંક દૃષ્ટાંતો.......................................................૯
**હાર્દિક વ્યાસ**

|| સાહિત્યક-વિશેષ ||
સારા અનુવાદની લાક્ષણિકતાઓ........................૧૧
**અર્જુનસિંહ કે. રાઉલજી**

|| ટૂંકી વાર્તા || કોમી એખલાસ .........................૧૪
**ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'**

|| અભ્યાસ || આદિવાસી ભીલભક્ત વસુ .............૧૬
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

|| ચિંતન ||
જ્ઞાનપ્રસારનો અભાવ એટલે અંધશ્રદ્ધા......................૧૯
**શીલા વ્યાસ**

|| નવલિકા || ખારવાનો છોરું..........................૨૨
**પંકજ ત્રિવેદી**

|| નીતિ-બોધ || નમ્રતા એટલે પ્રભુતા .................૨૭
**રણછોડ શાહ**

|| પુસ્તિકા-પરિચય ||
'વિજય સંકેત'-ભારતની પરાક્રમ ગાથા .................૨૯
**મહેન્દ્ર નાયી**

|| વિદ્યાવૃત્ત || .............................૧૦, ૧૫, ૨૧



ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

**પ્રેરક પ્રસંગ**

**સં. એસ.જી.પટેલ   લે. કાંતિભાઈ મેવાડા**

એક વખત ઢળતા બપોરે ગાંધીનગરથી અમદાવાદ એસ.ટી. બસમાં બેસીને આવ્યો. અંબાજી-અમદાવાદ બસ હતી. આ બસના કન્ડક્ટર ખૂબ જ સાલસ અને મુસાફરનિષ્ઠ હતા.

બસ પ્લેટફોર્મ પર ઊભી હતી ત્યારે તેમને ઘણા લોકો બસ વિશે, તેના ઉપડવાના સમય વિશે અને ખાસ તો ક્યાં ક્યાં ઊભી રહેશે તે વિશે પૂછતા હતા, તો દરેકને શાંતિ-ધીરજ અને પ્રેમથી તેઓ જવાબ આપતા હતા.

મને નવું અને સારું લાગ્યું. બસ ઊપડી ત્યારે એક યુવતી, મોબાઈલ ફોનને ચુસ્ત રીતે ચોંટેલી સ્થિતિમાં, દોડતી દોડતી બસ પકડવા આવી તો દરવાજો ખોલીને તેને બસમાં બેસાડી. એક કાકાને હાથનો સહારો આપીને ઉપર ચડાવ્યા.

તેમણે આગળના ભાગથી ટિકિટ આપવાનું શરૂ કર્યું તો એક મુસાફર ભૂલથી આ બસમાં બેસી ગયા હતા તેમને બસ ઊભી રાખીને શાંતિથી નીચે પણ ઉતાર્યા. તેમનું વર્તન જોઈને મને સારું લાગ્યું.

દરેકને તેમણે ટિકિટ આપી. જ્યારે જ્યારે જે સ્ટેશન આવે ત્યારે ત્યારે તેઓ મોટેથી બોલીને તેની જાહેરાત કરતા હતા. કોઈને, તેમને જ્યાં જવું હોય ત્યાં પહોંચવા ક્યાં ઉતરવું જોઈએ. તેનું પણ માર્ગદર્શન આપતા હતા.

મેં તેમની સાથે થોડી વાતો કરી. કાંતિભાઈ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના કુંડલ ગામમાં રહે છે. ૧૯૯૪થી એસ.ટી. બસમાં કન્ડક્ટર તરીકે (નોકરી નથી કરતા પણ) ફરજ બજાવે છે. ૨૫ વર્ષથી તેઓ અંબાજી-અમદાવાદ બસમાં જ હોય છે. મુસાફરો સાથેના માનવીય અને પ્રેમાળ વર્તન માટે મેં તેમને અભિનંદન આપ્યા અને 'મીઠડી માતૃભાષા' તથા 'સમાજની મિત્રતા' પુસ્તકો ભેટ આપ્યાં.

આજે ફોન પર વાત થઈ તો મને કહે કે આજે ઘરે મહેમાનો આવ્યા છે અને તમારું 'મીઠડી માતૃભાષા' પુસ્તક તેમને ગમ્યું છે.

આવા લોકનિષ્ઠ સરકારી અધિકારીઓ આપણું ગૌરવ છે.

આવા કન્ડક્ટરોને કોઈ એવોર્ડ મળે કે ના મળે, તેમને મુસાફરો તરફથી જે આશીર્વાદ-શુભ-કામનાઓ કે દુઆ મળતાં હશે તે તેમને ખરેખર ઘણાં ઉપયોગી થતાં હશે. તેમની આ સ્ટોરી 'સમાજનો છાંયડો' પુસ્તકમાંથી મેં લીધી છે. ગુજરાતના મુખ્યમંત્રીની હાજરીમાં આ પુસ્તકનું લોકાર્પણ કરાયું હતું.

(મો) ૯૬૬૨૨ ૮૫૬૫૨

(સૌજન્ય : સામાજિક મિડિયા સ્રોત)

**નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો હોય છે.**

**તમને જેના પર વિશ્વાસ છે, એના પર ભરોસો કરો,**
**ભલે એના માટે તમારે એકલા ઉભા રહેવું પડે.**

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### સ્વદેશાભિમાન

**નર્મદાશંકર લા. દવે**

પોતાનાં છોકરાંનું, કુટુંબનું કલ્યાણ ઈચ્છવું ને કરવું એ જેમ ઘરડાં વડીલોને સ્વાભાવિક છે, તેમ અમારા દેશમાં રૂડું બહુ હોજો, અમને સારો રાજા મળજો. અમારા દેશમાં ભણેલા ઘણા થજો, અમારા દેશમાં પુણ્યાત્મા અવતરજો વગેરે પોકારો દેશદેશના માણસોને સ્વાભાવિક છે. પણ જે પ્રમાણે કુટુંબ અને ન્યાતની વાતમાં એ અભિમાન જણાઈ પડે છે, તે રીતે દેશની બાબતમાં દેખાતું નથી. માણસના દિલમાં તો છે, પણ બહાર પડતું નથી. જ્યારે સભામધ્યે ચાલતા પ્રકરણમાં કોઈની વિદ્યા, કોઈનું ઔદાર્ય, કોઈનું આચરણ, કોઈના પૈસા, કોઈનાં ભૂંડા કર્મો આદિકનું વર્ણન થતું હોય તે વેળા, જે કુળના ને જે ન્યાતના પુરુષ વિષે બોલાયું હશે, તે કુળના અને તે ન્યાતના સભામાં બેઠેલા માણસોના દિલમાં ખુશીનો અથવા દિલગીરીનો જુસ્સો એકાએક પેદા થઈ આવે છેઃ હાશ ! આપણામાં પણ મોટમોટા થઈ ગયા છે; ધન્ય છે તેઓને; અથવા હાય રે ! આપણી ન્યાતનું નામ ફલાણાએ બોળ્યું જ જો, મુઓ એ; એમ અભિમાન અથવા ધિક્કાર થાય છે. હિંદુસ્તાન દેશમાં નાના પ્રકારના લોકો છે. જાતો ઘણી છે - ન્યાતો અગણિત છે - પોતપોતાની ન્યાત શ્રેષ્ઠ, એમ સર્વ ન્યાતના લોકો જાણે છે. જેમ માર ખાધાથી ચામડું બહેર મારી જાય છે, તેમ લોકો બહેર ખાઈ ગયેલા છે - અદેખાઈએ સજ્જડ મૂળ ઘાલ્યું છે. - અને અદેખાઈથી કલહ, કંકાસ, નીચ-ઊંચ વગેરે કુસંપો થવા માંડ્યા છે. એકે એક કામ આરંભ્યું તો બીજો તોડી પાડે છે, એટલે શરૂ કરેલું પાર પડતું નથી.

ચાનક રાખી સર્વ ન્યાતના ગૃહસ્થોએ પોત પોતાનું કૂળનું, ન્યાતનું તથા શહેરનું ભલું કરવું અને છેવટે દેશમાં તવંગરને સુખ-યશ મળે, ગરીબ સુખે રોટલો પેદા કરે, દેશમાં મોટમોટાં કારખાનાં નીકળે, પૈસે ટકે દેશ તાજો થાય, ઊપજ ઘણી અને સુંદર થાય, એવી ઉત્તમ જણસો પરદેશમાં વેચાય વિદ્યા, હુન્નર બહોળા લોકોમાં ફેલાયઃ તેમ કરવા મંડી પડવું, એનું નામ દેશાભિમાન દેશને પરદેશીઓના હુમલામાંથી સંરક્ષવાને રાજા અને લશ્કરી શૂરા માણસો રણસંગ્રામમાં પડે છે, તેઓ જ ખરા અને માત્ર દેશાભિમાની છે એમ ન સમજવું રે ! જે ગરીબ વિદ્વાન અરણ્યમધ્યે ઝૂંપડામાંના ખૂણામાં બેસી લોકોનું સારું થાય એવી વાતો અને તેનાં સાધનો ઝાડનાં પાંદડાં ઉપર લખી લોકોમાં આપી જાય છે, તે પણ ખરેખરો અને મોટો સ્વદેશાભિમાની છે એમ જાણો.

('અરધી સદીની વાચનયાત્રા'માંથી ટૂંકાવીને સાભાર)

## ।। ભૂલ સુધાર ।।

એપ્રિલ-૨૦૨૫, અંક-૪ સળંગ અંક-૬૪૨ માં જ્ઞાન-વિજ્ઞાન શીર્ષક અંતર્ગત છપાયેલ તારાઓના સ્મશાનનું નવું સરનામું લેખને અંતે જે સંદર્ભ આપેલ છે. તેમાં ૧૭ ફેબ્રુઆરી-૨૦૨૫ ને બદલે ફેબ્રુઆરી-૨૦૧૭ છપાયેલ છે. મુદ્રણદોષ બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ.

**તંત્રી, વિ.વિદ્યાનગર**



ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

### વચનનો વિવેક

**ગંગાસતી**

વચન વિવેકી જે નર નારી પાનબાઈ !
તેને બ્રહ્માદિક લાગે પાય;
જથારથ વચનથી સાન જેણે જાણી પાનબાઈ !
તેને કરવું હોય તેમ થાય. - વચન૦
વચનમાં સમજે તેને મહાસુખ થાય રે,
ઈ તો ગત રે ગંગાજી કહેવાય;
એક મના થઈને આરાધ કરે તો તો,
નકલંક પરસન થાય. - વચન૦
વચને થાપ અને વચને ઉથાપ પાનબાઈ !
વચને મંડાય જો ને પાટ રે;
વચનના પૂરા તે તો નહિ રે અધૂરા,
વચનનો લાવો જો ને ઠાઠ. - વચન૦
વસ્તુ વચનમાં છે પરિપૂરણ પાનબાઈ,
વચન છે ભક્તિનું જોને અંગ;
ગંગાસતી એમ બોલિયાં રે,
કરવો વચનવાળાનો સંગ
વચન વિવેકી જે નર-નારી પાનબાઈ !


આ વચનરૂપી દોરમાં સુરતાને બાંધવાથી જમનો માર મટી જાય છે. પણ જુગતિ-યુક્તિ ગુરુ પાસેથી જાણવી પડે છે. જ્યાં સુધી વચનનો વિવેક ન સમજાય ત્યાં સુધી વચન સાધવાની યુક્તિ જણાવે નહીં આ વચનની યથાર્થ સમજ કેળવીને જાણીને તેનો ચિત્તમાં અભ્યાસ કરીને મહાસુખ મેળવી શકાય છે. આ વચન મન કરીને આરાધના કરવામાં આવે તો નકલંક ભગવાન પ્રસન્ન થાય. આ વચન સૃષ્ટિનું સ્થાપન અને ઉથાપન કરે છે. આ વચન થકી પાટ ને ઠાઠ છે.આ જ ભક્તિનું મૂળ અંગ છે મો ગંગાસતી કહે છે કે જે વચનના જાણનારા છે તેનો સંગ કરવો.)

### શબદ કો ખોજિ લૈ

**કબીર સાહેબ**

શબ્દ કો ખોજિ લૈ, શબ્દ કો બુઝિ લૈ,
શબ્દ હિ શબ્દ તૂ ચલો ભાઈ !
શબ્દ આકાસ હૈ શબ્દ પાતાલ હૈ,
શબ્દ તે પિંડ બ્રહ્માંડ છાઈ,
શબ્દ બયના બસૈ, શબ્દ સરવન બસૈ,
શબ્દ કે ખ્યાલ મુરતિ બનાઈ,
શબ્દ હિ વેદ હૈ, શબ્દ હિ નાદ હૈ,
શબ્દ હિ શાસ્ત્ર બહુ ભ્રાંતિ ગાઈ,
શબ્દ હિ યંત્ર હૈ, શબ્દ હિ મંત્ર હૈ.
શબ્દ હિ ગુરુ સિખકો સુનાઈ
શબ્દ હિ તત્ત્વ હૈ શબ્દ નિઃતત્ત્વહં
શબ્દ આકાર નિરાકાર ભાઈ,
શબ્દ પુરૂષ હૈ, શબ્દ હિ નારી હૈ,
શબ્દ હિ તીન દેવા થયા ઈ.
શબ્દ હિ દષ્ટિ અનદષ્ટ ઓમકાર હૈ,
શબ્દ હિ સકલ બ્રહ્માંડ જાઈ,
કહૈ કબીર તૈં શબ્દ કો પરખિ લે,
શબ્દ હિ આપ કરતાર ભાઈ.

શબદ જ વેદ રૂપ છે ને નાદ બ્રહ્મ પણ એ જ શબદ છે. આ શબદ શક્તિ એ છે એ જ શાસ્ત્રો રચ્યાં છે. યંત્ર, મંત્ર, ગુરુ ઉપદેશ આ શબદ છે. શબદ મૂળ ચૈતન્ય તત્ત્વ છે એ જ સાકાર અને નિરાકાર રૂપે વિલસે છે. આ શબદ જ પુરુષ ને નારી છે. શબદ જ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ છે. શબદ જ પ્રગટ અને અપ્રગટ ઓમકાર છે. આ શબદ લેવાનું જણાવે છે. કારણ કે આ શબદ બ્રહ્મ જ સ્વયં પરમાત્મા છે.



## || નવાં કાવ્યો ||

### લોકબોલીમાં એક ગઝલ

**યોગેશ પંડ્યા**

આણું ચ્યાં તિયાર સે ભૂંડા ? દરજીનો આધાર સે ભૂંડા.
સઈનો સંચો આવે તે દિ'- આણાંનો અણહાર સે ભૂંડા.
બાપુ બહુ લાચાર સે નહીંતર,હવ ચ્યાં ઝાઝી વાર સે ભૂંડા !
આણાં વન્યા નૈં મૂં ને મેકલે, આ હંધો વે'વાર સે ભૂંડા.
હું પણ જાગું તું પણ જાગે, આ ચેવો અવતાર સે ભૂંડા ?
અણકથ વ્હેતું કોઈ, રગમાં - નમણો આ નિતાર સે ભૂંડા.
શરીર સમાણો મહુડો કોળ્યો, જાણે પેલ્લી ધાર સે ભૂંડા.
રાત પડે ને આંખ્યું જાગે, રાતલડી ભેંકાર સે ભૂંડા.
વગા પડે સે હવાર મારી, નીંદર હામે પાર સે ભૂંડા
સાત જલમનો તું હંગાથી- જીવ તારો હથવાર સે ભૂંડા.
લાય હથેળી, ઈમ લખી દવ: 'તું મારો શણગાર સે ભૂંડા !'

૧૪૧, શિવનગર જૂનું,
(પ્રાયોશા રેસીડન્સી સામે, મંગલમ હોલવાળો રસ્તો),
તળાજા રોડ, ભાવનગર-૩૬૪૦૦૨, (મો) ૯૨૬૫૦ ૬૮૫૨૭

### પગરવનાં માણસો

**સુધીર પટેલ**

તત્સમ નહીં ફાવે, અમે તદ્ભવના માણસો;
ખોટા ખરા યત્નો થકી અનુભવના માણસો !
નિષ્ફળ ગયા કૈં વાર, પણ કોશિશ ના તજી;
આખર સફળ થયા, અમે સંભવના માણસો !
ચહેરા ઉપરથી ઓળખો એને તમે બધા
ને પગલું સૂણીને અમે, પગરવના માણસો.
રાખી નથી ઝાઝી હવે શબ્દોની પણ ગરજ,
ભીતરને સાંભળતા અમે કલરવના માણસો !
એના સુધી લૈ જાય છે બોલ્યા વગર સુધીર,
એવી ગઝલ થકી અમે ગૌરવના માણસો !

2624, Jameson Dr. NW, CONCORD,
NC 28027, USA. Email sudhir12@gmail.com

### સપનાનો સંસાર

**શૈલેશ ગઢવી**

નીંદરમાંથી ઝબકી જોયું, હતાં નહીં ઘરબાર,
ખોવાયો બસ એક જ પળમાં સપનાનો સંસાર.
ખેલ હતો સપનામાં એમાં ખેલાડી પણ ઝાઝા,
દાવ આવતો દેવાનો ત્યાં ગગડી જાતા હાંજા,
લેવા-દેવાની બાબતનો રહ્યો નહીં અણસાર,
ખોવાયો બસ એક જ પળમાં સપનાનો સંસાર
હસવાનું, રડવાનું, મૂંઝાવાનું, મૂંઝવવાનું,
સાવ એકલા રમતાંરમતાં ક્યાંથી આમ થવાનું?
ભલું થયું કે હતી ઘણા સંબંધોની ભરમાર,
ખોવાયો બસ એક જ પળમાં સપનાનો સંસાર.
કંઈક મળે ત્યાં ઘણું ગુમાવું એવું થાતું મનમાં,
મોટાભાગે ધ્યાન રહ્યું બસ વધઘટવાળા ધનમાં,
પૂરેપૂરો ખેલ ખરેખર હતો સમજની બહાર,
ખોવાયો બસ એક જ પળમાં સપનાનો સંસાર.

શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા, મુ.ખીજડિયા, તા.મેંદરડા,
જી.જૂનાગઢ, પિન-362260, મો-6351903873.

### એમને કાયમ સમયની તાણ છે

**પૂર્ણિમા ભટ્ટ 'શબરી'**

એમને કાયમ સમયની તાણ છે;
મારી હર ક્ષણ ક્ષણનું ત્યાં રોકાણ છે.
કેટલાં સપનાં હું દાટું રોજ રોજ !
પાપણો પાછળ શું કોઈ ખાણ છે ?
કેમ ત્યાં દર્દ જ ટપકતું રે સદા !
આ કલમ શું સાવ લોહીઝાણ છે
લો હવે તો થઈ દિશાહિન જિંદગી,
આયખાનું સઢ વગરનું વ્હાણ છે,
કાનમાં એવું તો પડઘાયા કરે !
મૌનની આ કેવી તો બુમરાણ છે
આવશે, એ આવશે ચોક્કસપણે,
હા પ્રતિક્ષાની પ્રભુને માંગ છે.
'રામ' લખતાં શબ્દ ખુદ બોલી પડ્યા
રામ તો શબરીમાં શ્વસતા પ્રાણ છે !
વીજને શરણે ના રહેશો પાનબાઈ
વીજળીના ક્યાં કોઈ એંધાણ છે ?

(મો) 70962 10709



ISSN 0976-9609

|| પરંપરા ||

## પંગત જમણની મજા

ભરત અંજારિયા

વર્ષો પહેલાં પંગત જમણવાર થતો હતો. જેની ખાટી-મીઠી વાતોને આજે યાદ કરીશું. પંગત એટલે પંક્તિ અથવા નીચે બેસીને જમવાનું. લગ્ન, જનોઈ, વાસ્તુ કે અન્ય શુભ પ્રસંગે આવો પંગત જમણવાર થતો અને તેનો પણ એક સમય હતો. ઈષ્ટદેવના પાટોત્સવ પ્રસંગે નાગર જ્ઞાતિમાં અમુક શહેરોમાં આજે પણ સમુહ પ્રસાદમાં પંગત જમણવાર થાય છે. કોઈ મોટા બે-ત્રણ દિવસના યજ્ઞ બાદ પણ પંગત જમણવાર થતો. આવા જમણવારમાં પતરાળા-પડિયામાં પીરસાતું. હાથથી જમવાનું ચમચીની પ્રથા ન હતી. પલાંઠી વાળીને નીચે જમવા બેસવાનું. બેસવા માટે લાકડાંનાં પાટલા અથવા આસનિયા કે ખાદીના પટ્ટાનો ઉપયોગ થતો. લગ્નપ્રસંગ હોય તો વરરાજા તથા અણવરને થાળી અપાતી. થાળીની આસપાસ રંગોળી કે ફૂલોનો શણગાર કરાતો. પડિયામાં પીરસાતી દાળ ઢોળાઈ જતી. ઘણા લોકો બે પડિયા લેતા. છાશ માટે પિત્તળના પ્યાલા વપરાતા. જમતાં જમતાં કે છેલ્લે પાણી પીવા માટે કળશિયો (લોટો) તથા પ્યાલો અપાતો.

જમણવાર માટે વેવાઈને પહેલાં હકારું (આમંત્રણ) મોકલાતું. ત્યારબાદ જ બધાં જમવા જતા. નીચે જમવા બેસનારના કપાળમાં ચાંદલો કે તિલક કરવામાં આવતું. જમણવાર શરૂ થતાં પહેલાં એક યાદી બનાવીને દરેકને વાનગી અથવા કામ સોંપાઈ જતું. ખાવા-પીવાની ચીજો, પિત્તળનાં કમંડળ, ત્રાંસ કે વાંસની ટોપલીમાં રખાતી. થાળ પણ વપરાતા. છેલ્લે ભાત પીરસાતા. ભાતની પાછળ દાળ તો હોય જ. અંતમાં કોથમીરથી વધારેલી છાશ આપવામાં આવતી.

જમવાનું ચાલુ હોય ત્યારે પીરસવા આવનાર ભાઈ કે બહેનના હાથમાંની ચીજ જોઈને લોકો તે ચીજ જલ્દી ખાઈ લેતા જેથી બીજીવાર ન આવે કે સમય લાગે તો વાંધો નહીં. જમતી વખતે જમાડવાનો ખૂબ જ આગ્રહ કરવામાં આવતો. વચ્ચે વચ્ચે 'હર-હર મહાદેવ' કે 'નમઃપાર્વતી પતયે' બોલવામાં આવતું. યજ્ઞ બાદની જમણવારમાં બ્રાહ્મણો વચ્ચે વચ્ચે શ્લોકો કે મંત્રો પણ બોલતા. મીઠાઈ, લાડુ કે ગુલાબજાંબુ પરાણે મોઢામાં નાખીને ખવરાવવામાં આવતાં.

જમણવાર પહેલાં, શરૂઆતમાં જ પ્રાર્થના પણ બોલવામાં આવતી. 'હર' શબ્દ બોલાય પછી જ બધા જમવાનું શરૂ શકતા. નાગર જ્ઞાતિમાં જમતાં પહેલાં ભાતનું અપોષણ મુકવાની પ્રથા હતી. જેમાં ભાતની ત્રણ નાની ઢગલી કરી પાણીથી થાળી કે પત્રવાળીને પ્રદક્ષિણા કરીને તે પાણી પી જવાતું.

જમણવારમાં જો પાટલાની પ્રથા હોય તો ઘણા લોકો ન ભાવતી કે વધેલી મીઠાઈ પાટલાની નીચે છુપાવી દેતા. જમ્યા બાદ વધેલી ચીજો એક મોટાં પાત્રમાં એકઠી કરવામાં આવતી. જમ્યા બાદ થાળીમાં જ મછણ (હાથ ધોવા)ની પ્રથા હતી. પગની નીચે ઘણા ઢીંચણિયું પણ રાખતા જેથી તે પગ થોડો ઊંચો રહે.

પંગત જમણમાં એકબીજાનાં વાંસા ભટકાતા. સ્ત્રીઓ અને પુરુષોની પંક્તિ જુદી રખાતી. બાળકો માતાની બાજુમાં બેસતાં. આ પ્રકારની જમણની પ્રથામાં વાંકા વળીને પીરસવું પડતું. વાસણમાંની કોઈ ચીજ ખૂટે તો તે ભરવા રસોડે જવું પડતું.

ઘણા પીરસનારાઓ પંક્તિમાં સામસામે પીરસતા, તો ઘણા એક પંક્તિ આખી પહેલા પુરી કરીને પછી જ બીજી શરૂ કરતા. કેટલાક પીરસનારાઓ જુએ કે તેની ચીજ પડી છે તો બગાડ ન થાય તે માટે પીરસતા પણ નહીં. કેટલાક પીરસનારા જો આગળ ચાલ્યા ગયા હોય તો તેને પાછા પણ બોલાવતા અથવા રાડ પાડીને ચીજો મંગાવાતી. પાણી માટે

અલગ વ્યકિત જ રહેતી જે પાણી જ આપતી.

પીરસનારાઓએ મુખ્ય વ્યક્તિની સૂચના મુજબ વર્તવું પડતું. પીરસવાનું ચાલું જ રખાતું. જમનારાઓ તથા પીરસનારાઓ બંને અબોટિયું (પીતાંબર) પહેરતા. શર્ટ પહેરાતું નહીં. પંગત જમણમાં એક પ્રકારની આત્મીયતા તથા આનંદ હતો. જમ્યા બાદ બધા સાથે જ ઊઠતા.

આજકાલના બુફે જમણમાં અનેક પ્રકારની તથા અસંખ્યા વાનગીઓ પીરસાય છે કે જાતે જ લઈ લેવાની રહે છે. ઊભા ઊભા ચંપલ પહેરીને જમવામાં આવે છે. વાનગીઓનો બગાડ પણ થાય છે.

સમયના પરિવર્તનને કારણે જમણવારની પ્રથા બદલાઈ છે. પરંતુ આજે પણ પંગત જમણની પ્રથા યાદ આવે છે. પંગત જમણની મજા ભુલાશે નહીં.

"આસોપાલવ" ઈન્કમટેક્સ સોસાયટી, શેરી નં.૧,
'ઓસમ' મકાન સામે, મલ્હાર એપાર્ટમેન્ટ પાસે,
રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
(મો) ૯૪૨૬૪૧૭૮૫૪

**।। લઘુકથા ।।**

## વિવશતા

**પી. એમ. લુણાગરિયા**

રોજની જેમ એપાર્ટમેન્ટના સિનિયર સિટિઝન્સ માટેના અલાયદા ગાર્ડનમાં સાંજના સમયે વડીલોની બેઠક જામી હતી. વાતના વિષયને ક્યાં શોધવા જવો પડે એમ હતો ? સગાઈ, લગ્ન, છૂટાછેડા અને વૃદ્ધાશ્રમ સુધી વાતોનો દોર લંબાતો. વાતોમાં ને વાતોમાં સંધ્યા-ટાણું થઈ જતું. જીવનની સંધ્યાએ પહોંચેલ આ બુઝુર્ગોની ટીમ ધીમે ધીમે સૌ સૌના ફ્લેટ તરફ ભાંગેલ પગે પ્રયાણ કરતી. આ તેમનો રોજીંદો ક્રમ હતો.

હા, કોઈક સાંજે ગરમાગરમ ગાંઠિયા, જલેબીનો પ્રોગ્રામ પણ ગોઠવતો. ચોમાસાના દિવસોમાં ભજિયાપાર્ટી પણ થતી રહેતી. ડાયાબીટીક, બી.પી., કફ-ઉધરસથી કાયમ પીડાતા આ વડીલો ડોકટરની મનાઈને કારણે ઘરમાં આવી ચીજવસ્તુઓથી વંચિત રહેતા હોવાથી, મહિનામાં એક-બે વાર આવા જલસાનું આયોજન થતું રહેતું. તે દિવસે બરાબરની રંગત જામતી. વિનુભાઈ આ બધી વ્યવસ્થા કરવામાં માહેર હતા. પણ વિનુભાઈની લાંબી ગેરહાજરી વખતે બેઠકની રંગત બરાબર જામતી નહીં.

વિનુભાઈ વિધુર હતા. છ મહિના અહીં હોય અને બીજા છ મહિના વારા મુજબ બીજા દીકરાને ત્યાં જતા રહેતા હતા. આ છ મહિના દરમિયાન બેઠકની રોનક ઝાંખી પડી જતી. સૌ બુઝુર્ગો કાગડોળે વિનુભાઈની રાહ જોતા, છ મહિના પૂરા થતાં જ વિનુભાઈ હાજર થઈ જતાં ત્યારે તેમના ઉપર ચારેકોરથી પસ્તાળ પડતી, ભલા માણસ, આ શું બિલાડીના બચ્ચાની જેમ છ મહિના અહીં અને છ મહિનાં ત્યાં ? કાયમ અહીં જ રહેવાનું રાખો. 'ચલક ચલાણું, બીજા ઘેર ભાણું;' જેવું શું કરો છો ?

વિનુભાઈએ હસવાનો મિથ્યા પ્રયાસ કરતા કહ્યું, બીજા દીકરાના પોતરાવને પણ દાદાનો લાભ મળવો જોઈએ ને ? એટલે થોડા મહિના અહીં ને થોડા મહિના ત્યાં. એમાં શું ખોટું છે ?

હા, એ વાત બરાબર છે. સૌએ સંમતિસૂચક ડોકું હલાવતા કહ્યું.

... પરંતુ વિનુભાઈની આંખમાં ફરી વળેલી વિવશતાની લાચારીયુક્ત ભીનાશ આથમતા સૂરજના ઝાંખા અજવાસમાં કોઈને દેખાણી નહીં.

ટાઈટન-૫૪, ફ્લેટ નં. સી-૪૦૨,
રિલાયન્સ મોલ પાછળ, સિલ્વર સ્ટોન મેઈન રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧, ફોન (મો) ૭૬૯૮૧૬૦૧૬૦


ISSN 0976-9609

## || અભ્યાસ ||

## સાંપ્રત કવિતામાં માનવસંવેદનાનાં કેટલાંક દૃષ્ટાંતો

હાર્દિક વ્યાસ

સાહિત્ય સમાજની આરસી છે. માટે જ સાહિત્ય સમાજની યથાતથ પરિસ્થિતિને સુચારુ રીતે વ્યક્ત કરે છે.

Man can not live on bread alone. માણસ માત્ર રોટલીના ટુકડા પર જીવતો નથી. આ સિવાય પણ ઘણી બધી જરૂરિયાતો અને આવશ્યકતાઓ છે. સાંપ્રત સમયમાં માનવ સંવેદના ક્ષીણ થતી જાય છે.માણસને માણસની ઉબ આવે છે, ડર લાગે છે. ત્યારે આવા વાતાવરણમાં સાહિત્ય માણસની મદદે આવે છે, માનવ સંવેદનાને ઉજાગર કરે છે અને માણસને ખરા અર્થમાં માણસ બનાવે છે. Literature makes man human. એ ઉક્તિ અનુસાર સાહિત્ય ખરેખર ભૂલ કરતા સમાજને સાચા રસ્તા પર લાવે છે. એમની Purgative feelings ને વ્યક્ત કરે છે, અને માણસને વિચારવા માટે મજબૂર કરે છે.

સાંપ્રત સાહિત્ય માનવ સંવેદનાને તીક્ષ્ણ કરી પડકાર પણ ફેંકે છે. અને પ્રતિપ્રશ્નો પણ પૂછે છે. સર્જક જુદા જુદા માધ્યમ દ્વારા માણસની ખુમારી, પ્રતિબદ્ધતા, નિષ્ઠા, લાચારી, પરવશતા, બાહોશી, મજબૂરી, પ્રેમ, ભાઈચારો, ગુસ્સો વગેરે માનવીય સંવેદનાને વ્યક્ત કરે છે અને સમાજને દર્પણ બતાવે છે.

સાંપ્રત કવિતામાં પણ આપણને કેટલાંક ઉદાહરણ જોવા મળે છે. જેમાં માનવ સંવેદના રજૂ થાય છે. કવિશ્રી રમેશ પારેખની જ પંક્તિઓ જોઈએ.

**"શેરડીનો લઈ ખટારો, શહેર ભણી જાય છે ?**
**ત્યાં તો નર્યું ધમધોકાર બસ સેકરિન વેચાય છે.**
**આંખમાંથી પંખી ખંખેર્યા પછી કરજે પ્રવેશ**
**એક ટહુકાથી નગર આખ્ખું પ્રદૂષિત થાય છે."**

આમ સેકરિન વેચાય છે અને ટહુકાથી નગર પ્રદૂષિત થાય છે. આવા વેધક કટાક્ષ દ્વારા શહેરના માણસોની મનોદશા વ્યક્ત થઈ છે.

મુંબઈના કવિ મુકેશ જોશી લખે છેઃ સામેની ફૂટપાથે બેઠા મા ને બાળક આંસુ પીને ઉનાશ્વાસે સામેની ફૂટપાથે કોઈ હોટલ આલીશાન મળે ને ત્યારે સાલું લાગી આવે...

આવા સૂક્ષ્મ અવલોકન દ્વારા કવિ માનવ સંવેદનાને મૂલવે છે, સમસંવેદન અનુભવે છે અને એક આહ્‌વાન પણ આપે છે. કે હજી સમય છે, જાગી જાઓ, ચેતી જાઓ અને સ્વનિરીક્ષણ કરી આગળ વધો.

સુરતના કવિશ્રી ગૌરાંગ ઠાકર લખે છે.

**ઝાડ પહેલા મૂળથી છેદાય છે.**
**એ પછીથી બારણું થઈ જાય છે.**
**આ ગગનચૂંબી ઘરો સર્જાય છે.**
**આભ તો પંખીનું ઓછું થાય છે.**

આમ ઝાડનો નાશ, ફર્નિચર બનાવવા માટે ઉપયોગ, ગગનચૂંબી ઈમારતો અને પંખીને ઊડવા માટેનું આકાશ છીનવાઈ જવું એ બાબત પર અંગુલિનિર્દેશ કરી કવિએ માનવ સંવેદનાને બરાબર ઢમઢોરી છે. તો આ જ રીતે અમદાવાદના કવિ ભાવેશ ભટ્ટ લખે છે :

**નમારી દીકરીનો વાન બદલી દે**
**કાં જગતનું ઈમાન બદલી દે.સ્ર**

ઈશ્વરને કેવો વેધક કટુપ્રશ્ન પૂછી આજના સાંપ્રત સમયની હલકી મનોદશાને વ્યક્ત કરી છે.

"કોઈ હાથે સ્કૂલ બસમાં ફિટ થયેલો એક બોમ્બ પ્રાર્થના કરતો હતો કે 'કાશ હું ફૂટું નહીં' !

આ રીતે કવિ સ્કૂલ બસમાં મૂકેલા બોમ્બને વાચા આપી માનવ સંવેદના કઈ રીતે જડ અને સ્વકેન્દ્રી થઈ ગઈ છે તેની વાત કરે છે.

આ ઉપરાંત કવિશ્રી સ્નેહી પરમાર લખે છે.

**મંદિરમાં એ ભીની આંખે ઊભો છે.**
**એને કોની આંખો ભીની કરવી છે ?**
**જે માને છે નાનો માણસ પોતાને**
**એની નીચે નાની લીટી કરવી છે.**

આમ, મંદિરમાં ભીની આંખે ઊભા રહી ઈશ્વરને પ્રાર્થના કરવી અને નાના માણસની નીચે નાની લીટી કરવામાં મોટાની મોટાઈ જોઈ થાક્યો, નાના લોકોની અલ્પતા જોઈ જીવું છું. એવો શાશ્વત ભાવ દૃષ્ટિગોચર થાય છે.

તો વળી કવિશ્રી જિતેન્દ્ર પ્રજાપતિ લખે છે :
**દિવસ પૂરો થશે કે ઘેર જઈને સૂર્ય પણ કહેશે,**
**ખરેખર માંડ છૂટી યાર ઘરે આવ્યો છું હું પાછો.**

આમ સૂર્યનું પણ માંડ છૂટી ઘરે આવવું અને ઓફિસમાં કામ કરતા કર્મચારીનું કે કાળી મજૂરી પછી શ્રમજીવીનું માંડ છૂટી ઘરે આવવું સાથે સમસંવેદન સાધી ધારી અસર નીપજાવી માનવ સંવેદનાનો યથાતથ રજૂ કરી છે.

સમયાંતરે આ સાહિત્યમાં માનવીય મૂલ્યો, માનવસંબંધો, દારુણ પરિસ્થિતિ, સમાજની માનસિકતા પ્રદૂષિત વાતાવરણ, કઠોર વાસ્તવિકતા વગેરે રજૂ કરે છે. અને વારંવાર માણસને ખોટા રસ્તે જતા રોકે અને એ જ સાહિત્યનું કામ છે.

વૃંદાવન પાર્ક-૩, એસ.ટી.ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી, લાઠી રોડ,
અમરેલી-૩૬૫૬૦૧, (મો) ૯૮૨૫૪૧૫૬૯૫

## ।। વિદ્યાવૃત્ત ।।

## આઈસ્ટારના ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડો. મહેન્દ્રસિંહ રાજે વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જીવનના મૂલ્યો સાથે કારકિર્દીની શરૂઆત કરવા આહ્‌વાન કર્યું હતું. વિભાગના વરિષ્ઠ પ્રોફેસર ડો. જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીઓના કોલેજકાળ દરમ્યાન થતી વિવિધ પ્રવૃત્તિઓમાંથી વિદ્યાર્થીઓને અઢળક જ્ઞાન પ્રાપ્ત થયું હશે, તેવી આશા વ્યક્ત કરી હતી અને વિદ્યાર્થીઓના આગામી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિભાગના અધ્યક્ષ ડો. રોહિત દવે દ્વારા વિદ્યાર્થીઓને આ પ્રકારના સફળ આયોજન બદલ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને કારકિર્દીમાં તેઓ આગળ ધપે તેવી આશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તેઓની વિશિષ્ટ સિદ્ધિ બદલ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય રંગારંગ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સુરભી બારોટ અને દર્શિલ ગોહેલ દ્વારા તથા આભારવિધિ નિર્માણ પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભાગના શિક્ષકો તથા સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.


ISSN 0976-9609

**।। સાહિત્ય-વિશેષ ।।**

## સારા અનુવાદની લાક્ષણિકતાઓ

**અર્જુનસિંહ કે. રાઉલજી**

અનુવાદ એ એક આવશ્યક સેતુકાર્ય છે, જેના કારણે આજે વિશ્વ સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે અને આપણું શ્રેષ્ઠ સાહિત્ય વિશ્વમાં ગણનાપાત્ર સ્થાન પામી શકે છે. આ તો માત્ર સાહિત્યની જ વાત થઈ, પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં તો અનુવાદ એ આવશ્યક કાર્ય અને ફરજ બની ગયેલ છે. જો કે આજકાલ તો અનુવાદકોનો પણ રાફડો ફાટયો છે, એમ કહીએ તો ખોટું નથી જ ..! જેમ સૂંઠના ગાંગડે ગાંધી થવાય છે , તેમ બે ચાર ભાષા જાણતા હોઈએ, એટલે અનુવાદક બની જવાય -એવું નથી. અનુવાદ એવો હોવો જોઈએ કે જેથી વાંચનારને એ અન્ય ભાષાની રચના છે -એવું ક્યારેય ના લાગે. વાંચનાર અને તેનો ઉપયોગ કરનાર દરેક તેને પોતાની ભાષાની જ રચના સમજી શકે એ પ્રકારનો અનુવાદ હોવો જોઈએ. અનુવાદક માટે મંગલેશ ડબરાલ કહે છે કે, "અનુવાદક કો એક સાથ દો આયામોં મેં રહેના હોતા હૈ ઉસે મૂલ કૃતિકી રક્ષા કરની હોતી હૈ ઔર ઉસકે અનુવાદ કો અપની ભાષા કી કૃતિ ભી બનાના હોતા હૈ..." એટલા માટે તો ૧લી ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય ટ્રાન્સલેશન ડે તરીકે ઉજવાય છે. આખું એક અનુવાદનું શાસ્ત્ર છે, જેમાં અગણિત સંશોધનો થયાં છે. તે દરેકનો તલસ્પર્શી અભ્યાસ કરવો હોય તો આપણું જીવન પણ કદાચ ટૂંકું પડે..! પણ એ બધાં સંશોધનોનો બુધ્ધિપૂર્વક ઉપયોગ કરી આપણે ઉમદા અનુવાદ અને શ્રેષ્ઠ અનુવાદક કોને કહેવાય, અને તેના લક્ષણો ક્યાં હોવાં જોઈએ, તે જાણવાનો પ્રયાસ કરીએ.

બલ્ગેરિયામાં જન્મેલા, બલ્ગેરિયામાં જ ઊછરેલા અને હાલ વિએનામાં રહેતા ક્રિસ્ટીના ટેમેલ્કોવા કે જે જાતે લેખક છે અને સાથે સાથે અનુવાદક તરીકે પણ પોતાની સેવાઓ આપે છે, તેમણે અનુવાદ અને અનુવાદક માટે પણ કેટલાંક સીમાચિન્હો નક્કી કરેલાં છે . આ ઉપરાંત કેટલાક જાણીતા બ્રિટિશ, અમેરિકન, અને રશિયન અનુવાદકોએ પણ જે સારા અનુવાદ અને શ્રેષ્ઠ અનુવાદક માટેનાં લક્ષણો ગણાવ્યાં છે, તેનો અનુવાદક અને ભાવક બંને માટે અભ્યાસ જરૂરી છે, તેનું વિહંગ અવલોકન કરવાનો પ્રયત્ન કરીએ.

સૌ પ્રથમ તો ઉત્તમ અનુવાદ કોને કહેવાય? એ માટે થયેલાં **સંશોધનોના આધારે કેટલાંક લક્ષણો નક્કી કરવામાં આવ્યાં છે જે પ્રમાણે (૧) ચોકસાઈ (૨) સ્પષ્ટતા (૩) પ્રમાણભૂતતા (૪) યથાયોગ્ય સ્વર અને શૈલી (૫) સાંસ્કૃતિક પ્રતિબદ્ધતા (૬) એકરૂપતા (૭) સમકાલીન ભાષાની યોગ્યતા. આ લક્ષણો ગણાવી શકાય. હવે આપણે એ વિશે વિગતવાર સમજવાનો પ્રયાસ કરીશું.**

(૧) **ચોકસાઈ :** માનવીય અનુવાદને યાંત્રિકી અનુવાદથી અલગ પાડતું જો કોઈ ખાસ પરિબળ હોય તો તે છે ચોકસાઈ. ઉચ્ચ ગુણવત્તાયુક્ત અનુવાદ માટે સચોટ શબ્દ કે રુઢિપ્રયોગ શોધવામાં માો અદ્વિતીય હોય છે. અરે ! તેમાં એ લોકો AI ને પણ પાછળ મૂકી દે છે. માત્ર અર્થ એકલો જ નહીં, પણ અનુવાદકે મૂળ ભાષાનો સ્વર-મધ્યવર્તી વિચાર અને તેની શૈલીની પણ જાળવણી કરવાની હોય છે. આ ઉપરાંત, તેમાં કોઈપણ શબ્દ, રુઢિપ્રયોગ કે સ્વરૂપ અથવા વાક્ય રહી ના જાય તેનું પણ ધ્યાન રાખવું પડે છે. આધ્યક્ષરોનો બનેલો શબ્દ અને લયબધ્ધતા પણ સારી રીતે વણાયેલા હોય તેનું પણ ધ્યાન રાખવું પડે છે ..! જો અનુવાદમાં સહેજ પણ ભૂલ થાય કે શબ્દની પસંદગી યોગ્ય ના થાય તો આખો અર્થ અને કેંદ્રવર્તી વિચાર પણ બદલાઈ જાય..! આથી ચોકસાઈ તો હોવી જ જોઈએ. આ માટે અનુવાદકો પાસે પોતાની આ ભાષાઓ કે જેમાં તેઓ કાર્ય કરે છે તેમાં માસ્ટરી હોવી જોઈએ, ચોક્કસ કમાન્ડ હોવો જોઈએ - તો જ ઉત્તમ અનુવાદ મળી શકે. આ ઉપરાંત, તેમની પાસે તેમની

પાસે કે વિશેષ શબ્દભંડોળ ખાસ કરીને ટેકનિકલ અને મેડિકલ વગેરેના સંદર્ભ પણ હોવા જોઈએ.

ચોકસાઈનો બીજો અર્થ એ પણ છે કે અનુવાદકો જે ભાષામાં મૂળ લેખ કે કન્ટેન્ટ તેમની પાસે આખા આર્ટિકલ કે કન્ટેન્ટની આરપાર જોઈ શકાય તેવી સૂક્ષ્મ દષ્ટિ હોવી જોઈએ.

(૨) **સ્પષ્ટતા :** આમ તો સ્પષ્ટતા એ ખરેખર તો ચોકસાઈનો જ પર્યાય છે, એમ કહીએ તો ખોટું નથી, છતાં શ્રેષ્ઠ અનુવાદ માટેનો આ પણ એક આવશ્યક ગુણધર્મ છે. ખરેખર તો સ્પષ્ટતા એ અનુવાદકની ભાષાકીય ક્ષમતા ઉપર આધાર રાખે છે. સ્પષ્ટતા એ ચોકસાઈ જેટલી જ આવશ્યક લાક્ષણિકતા છે. અનુવાદના સંદર્ભમાં અઘરા નિબંધનો સરળ અને ભાવવાહી વિચારવિસ્તાર છે એમ કહીએ તો પણ ખોટું નથી. વધુમાં, આ એક સંદિગ્ધ અને સંકીર્ણ લક્ષણ પણ છે. ચોકસાઈ એ લગભગ અનુવાદ દર્શાવે છે જ્યારે સ્પષ્ટતા એ સંપૂર્ણ સમજી શકાય તેવો અને લગભગથી વધારે યોગ્ય અનુવાદ દર્શાવે છે. વાંચનાર તેને પોતાની ભાષાની જ રચના માની શકે તેવી સ્પષ્ટતા અનુવાદમાં હોવી જોઈએ. સ્પષ્ટતા માટે અનુવાદકે કદાચ લાંબાં વાકયોને ટૂંકાવીને પણ સ્પષ્ટ કરવાં પડે છે. અનુવાદકે અનુવાદ કરતાં પહેલાં જરૂર પડે તો મૂળ રચનાનું સંપાદન અને એડિટિંગ પણ કરવું જોઈએ-ખાસ કરીને જો મૂળ રચના નબળી રીતે લખાયેલ હોય તો..! સારો અનુવાદ તેણે પ્રાપ્ત કરેલ રચનાના સ્રોતની ગુણવત્તા જાણતો હોવો જોઈએ.

(૩) **પ્રમાણભૂતતા :** સૌથી વધારે અગત્યના ગુણધર્મો પૈકી એકમાં એમ કહેવાય છે કે ઉત્તમ અનુવાદ એ ક્યારેય અનુવાદ જેવો ના તો લાગવો જોઈએ, ના સંભળાવો જોઈએ અને ના તો વંચાવો જોઈએ. તેનો કોઈપણ રીતે ઉપયોગ કરો, આસ્વાદ કરો, વાંચો કે સાંભળો, તમને એ જ ભાષાની જ રચના લાગવો જોઈએ. આમ, પ્રમાણભૂતતા એ ઉત્તમ અનુવાદનું આવશ્યક લક્ષણ છે. આમ તો પ્રમાણભૂતતા જાળવવી એ સહજ નથી જ. આમ કરવાં જતાં ક્યારેક યોગ્ય શબ્દો કે સ્વર મૂકવામાં ભૂલ થવાની સંભાવના સૌથી વધુ છે. જે ભાષાની રચના હોય તે ભાષાનાં ક્વોટ્સ કે કહેવતોને અનુરૂપ અનુવાદની ભાષાનાં ક્વોટ્સ કે કહેવતો મેળવવી એ સરળ કામ નથી. માત્ર શબ્દાનુવાદ ના ચાલે..! એ મેળવવા માટે જ અનુવાદકને પ્રમાણભૂતતાની જરૂર પડે છે. જો અનુવાદ પ્રમાણભૂત હોય તો તે વાંચતાં ભાવકને એ વાર્તા, લેખ કે કવિતા તેની ભાષાની નથી એવો ક્યારેય અનુભવ થવો જોઈએ નહીં. આથી જ ૨૦૦૮થી શ્રેષ્ઠ અનુવાદિત પુસ્તકનો એવોર્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે શરૂ કરવામાં આવ્યો છે.

(૪) **યથાયોગ્ય સ્વર અને શૈલી :** અનુવાદ કરેલ રચના અને ખાસ કરીને કાવ્યોમાં મૂળ કૃતિનો સ્વર, કેંદ્રવર્તી વિચાર અને શૈલી જળવાઈ રહેવાં જોઈએ. મારી મચેડીને કરેલ અનુવાદ હાસ્યાસ્પદ બની રહે છે. કુશળ અનુવાદક મૂળ કૃતિ કે કાવ્યની શૈલી અને ઢાંચાને હાનિ પહોંચાડયા વિના જ અનુવાદને મૂળ રચના હોય તે રીતે પ્રસ્તુત કરી શકે છે. આ માટે બંને ભાષાની વિશિષ્ટતાઓનો અનુવાદકે તલસ્પર્શી અભ્યાસ કરવો જરૂરી છે.

(૫) **સાંસ્કૃતિક પ્રતિબદ્ધતા :** કુશળ અનુવાદક અનુવાદની ભાષાના ઓડિયન્સ એટલે કે ભાવકોને સારી રીતે ઓળખે છે. અનુવાદની ભાષામાંનાં સાંસ્કૃતિક વારસા અને પ્રતિબધ્ધતા સમજે છે આથી તેને હાનિ પહોંચે એ રીતનો અનુવાદ તે કરશે જ નહીં. મૂળ ભાષામાંના દ્વિઅર્થી શબ્દો તેણે સમજવા જરૂરી છે. અનુવાદ કરેલ કૃતિ એ ભાષાના સાંસ્કૃતિક વારસાનું જતન કરે અને તેને પ્રવાહિત કરે એ જરૂરી છે, તો જ તેની રચના તેનું ઓડિયન્સ સ્વીકારશે ..! જો મૂળ કૃતિ પરદેશની ભાષાની હોય જે ત્યાંના રીતિરિવાજો,


ISSN 0976-9609

ધર્મ અને તહેવારો સાથે સંલગ્ન હોય તો અનુવાદકની એ ફરજ બને છે કે એના ભાવકો અને ઓડિયન્સ જે તેનાથી અનભિજ્ઞ છે, તેમને સાચી અને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપી શકે. અનુવાદકની એ ફરજ છે કે બધા જ સંદર્ભો યોગ્ય રીતે વપરાયેલા હોવા જોઈએ. શક્ય હોય તો મૂળ ભાષાના બધાં જ સંદર્ભોને સમાનાર્થી સંદર્ભ શબ્દોની એક યાદી બનાવી તેમાંથી જે તે ભાષાની સાંસ્કૃતિક પ્રતિબધ્ધતા જળવાઈ રહે તેવા જ શબ્દોનો તેણે ઉપયોગ કરવો જોઈએ. શક્ય હોય તો મૂળ રચનાનો અને તેના સંદર્ભોનો તેણે સૌથી પહેલાં તલસ્પર્શી અભ્યાસ કરવો જોઈએ. અનુવાદ એવો ના હોવો જોઈએ કે અનુવાદની ભાષાના ભાવકને તે સમજવામાં મુશ્કેલી પડે અથવા તેના મનમાં તેના વિષે કોઈ શંકા ઊભી થાય. ખાસ કરીને કોઈક રમતને લગતા લેખોનાં અનુવાદમાં રમતના પારિભાષિક શબ્દો સમજાય તેવા હોવા જોઈએ અને તે ભાષાના સાંસ્કૃતિક વારસાને જાળવી શકે તેવા હોવા જોઈએ. આમ, સાંસ્કૃતિક પ્રતિબધ્ધતા જાળવવા જતાં અનુવાદનું કાર્ય વધારે સંકીર્ણ અને મુશ્કેલ બને છે, એ પણ એટલું જ અગત્યનું છે.

(૬) **એકરૂપતા :** સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે આપણે જ્યારે કોઈ અનુવાદ વાંચીએ ત્યારે આપણને તરત જ ખ્યાલ આવી જાય છે કે ભાષાની પ્રવાહિતા જળવાતી નથી. લખાણમાં એકરૂપતાનો અભાવ સ્પષ્ટ નજરે પડે છે. ભાષામાં વચ્ચે વચ્ચે એવાં ભંગાણ જોવા મળે છે કે, કુશળ વાંચક સમજી જાય છે કે આ તેની ભાષાની રચના નથી. આ અનુવાદ છે અથવા કઈ ભાષાની રચના છે એવું દર્શાવેલ ના હોય અને વાંચક એ રચના વાંચીને જો કહી શકે કે આ મૂળ રચના નથી પણ અનુવાદ હોય એમ લાગે છે તો સમજવું કે અનુવાદમાં એકરૂપતાનો અભાવ છે. ઉત્તમ અનુવાદ માટે એકરૂપતા એ એક આવશ્યક લક્ષણ ગણાય છે. એકરૂપતાનો મતલબ છે અનુવાદની ભાષાના નિયમિત અને વારંવાર વપરાતા શબ્દો, સ્વર અને શૈલીનો સુચારુ રીતે ઉપયોગ. ખાસ કરીને સાહિત્યિક અનુવાદોમાં તો આ ખૂબ જ જરૂરી છે. અનુવાદકે સામાન્ય વપરાશમાં ઉપયોગમાં લેવાતી અભિવ્યક્તિ અને રુઢિપ્રયોગો યોગ્ય રીતે વાપરવાં જોઈએ. માત્ર એટલું જ નહીં પણ શબ્દોની જોડણી અને વિરામચિહ્નોમાં પણ ભૂલ ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

(૭) **સમકાલીન ભાષાની યોગ્યતા :** ભાષા એ તો જીવતા જાગતા શબ્દોના બાણ છે. તે ખરેખર તો ક્યારેય બદલાવનો સામનો કરતા નથી. તેમનું વ્યાકરણ, શબ્દભંડોળ અને જોડણી દરેક વાતાવરણમાં, વાતાવરણને અનુરૂપ બદલાતા રહે છે. આથી અનુવાદકે તે જે ભાષામાં અનુવાદ કરતો હોય તે ભાષાના પરિવર્તનો અને સંશોધનોથી હંમેશા માહિતીગાર અને અપ ટૂ ડેટ રહેવું જરૂરી છે. તેઓ જે શબ્દપ્રયોગ કરતા હોય તેનાથી સારી રીતે માહિતીગાર હોવા જરૂરી છે. ખાસ કરીને જ્યારે તેમના અનુવાદનો માર્કેટિંગ માટે ઉપયોગ થવાનો હોય ત્યારે તેમણે જાગૃત રહેવું જરૂરી છે.

ટૂંકમાં, ઉત્તમ અનુવાદ એ બંને ભાષા ઉપરનો કાબૂ અને અનુવાદકની ક્ષમતા દર્શાવે છે અને તેના ઉપર જ આધાર રાખે છે.

અત્યારે તો ગૂગલ, એઆઈ, ચેટજીપીટી વગેરે આપણને અનુવાદ કરી આપે છે, પણ માનવીય અનુવાદ જેવો ચાર્મ અને લાક્ષણિકતાઓ તેમાં ભાગ્યે જ જોવા મળે છે.

---

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨, મુજમહુડા, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦. (મો) ૯૯૭૪૦૬૪૯૯૧

## ।। ટૂંકી વાર્તા ।।

## કોમી એખલાસ

**ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'**

હિન્દુસ્તાન-પાકિસ્તાનના ભાગલા સમયે મેઘવદર ગામે રહેતા પાંચ લઘુમતી પરિવારોમાંથી કાસમ સિવાય બધા પાકિસ્તાન જતા રહ્યા. કાસમને વતન બહુ વહાલું હતું. તેથી તેણે તો 'સારે જહાંસે અચ્છા હિન્દુસ્તાં હમારા' ના સંદેશને દિલમાં રોપીને મેઘવદરમાં જ રહેવાનું નક્કી કર્યું. એ સમયે ગામના મુખી લાલજી પટેલે તેને બધી રીતે મદદ કરવાનું આશ્વાસન આપેલ અને તેને પાળી બતાવેલ.

કાસમ રૂ પીંજવાનો ધંધો કરતો છતાં મોસમ પ્રમાણે જુદા-જુદા છૂટક ધંધા જેવા કે - ઉત્તરાણ સમયે પતંગ, ધુળેટી વખતે ખજૂર-ધાણી, ઉનાળામાં બરફના ગોળા, રક્ષાબંધન સમયે રાખડી તેમજ દિવાળીના તહેવારોમાં ફટાકડા વેચી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો. ગામના લોકો પણ તેની પાસેથી જ વસ્તુઓ ખરીદતા.

કાસમના પરિવારમાં તેની બીબી મરીયમ અને પુત્ર હમીદ હતા. કાસમ ખૂબ સાલસ સ્વભાવનો તથા મળતાવડો હતો. તેથી ગામના લોકો તેને કોઈ રીતે ઓછું આવવા દેતા નહીં. તેનું માન જળવાઈ રહેતું. સમય જતા કાસમ બે પાંદડે થયો. દીકરો હમીદ ભણવામાં હોશિયાર હતો. તે બી.એ.બી.એડ્. થઈ બાજુના શહેરમાં એક શાળામાં શિક્ષક તરીકે જોડાયો. કાસમની પણ ઉમર થઈ ગઈ હોય હમીદે તેના માતા-પિતાને શહેરમાં બોલાવી લીધા. પરિવાર સુખનો રોટલો જમવા લાગ્યો.

હમીદની શાદીનો પ્રસંગ આવ્યો. કાસમ મેઘવદર જઈ, લાલજી પટેલ સહિત બધા પરિચિતોને હમીદની શાદીમાં પધારવા નિમંત્રણ આપી આવ્યો. શાદીના દિવસે જૂના સબંધો યાદ રાખી લાલજીભાઈ તથા અન્ય ચાર લોકો હમીદની શાદીમાં હાજરી આપવા શહેરમાં ગયા. આથી કાસમ તથા તેના સંબંધીઓ ખુશ થયા.

શાદીની વિધિ ચાલુ હતી તે સમયે તેના વિસ્તારમાં મારો, મારો... ના અવાજો સંભળાયા. શાદી પ્રસંગે આવેલ તમામ આ અવાજો સાંભળી ચોંકી ગયા. વાત એમ બની હતી કે અમુક મુસ્લિમ આવારા છોકરાઓએ એક હિન્દુ છોકરીની છેડતી કરેલ. તેના અનુસંધાને બન્ને કોમ વચ્ચે બોલાચાલી થતાં તંગદીલી વધી અને મારામારી શરૂ થતાં વાતાવરણમાં ઉશ્કેરાટ વધી ગયેલ, રમખાણો શરૂ થયેલ.

એક ટોળું કાસમના ઘર તરફ દોડી આવ્યું. તેઓને કોઈએ બાતમી આપેલ કે કાસમને ઘરે આજે તેના પુત્રની શાદી પ્રસંગે ગામડેથી હિન્દુઓ આવેલ છે. ટોળામાંથી એક હુમલાખોર લાંબા છૂરા સાથે શાદીના મંડપ તરફ ધસી આવ્યો. આ નિહાળી લાલજીભાઈ સાથે આવેલ ચાર યુવાનો વંડી ઠેકી ભાગી ગયા, પરંતુ જૈફ ઉંમર હોવાને કારણે લાલજીભાઈ વંડી ઠેકી શક્યા નહીં, તે વંડી પાસે પડી ગયા. કાસમ આજે પુત્રની શાદીના સારા પ્રસંગે વિઘ્ન ન નાંખવા બધાને રોકી, આજીજી કરતો રહ્યો. ત્યાં સુધીમાં તો પેલો હુમલાખોર દોડીને લાલજીભાઈ પાસે પહોંચી ગયો. તે લાલજીભાઈને છૂરો મારે તે પહેલા કાસમ તીવ્ર ગતિએ દોડી લાલજીભાઈની આગળ ઊભો રહીને હુમલાખોરને રોકવા પ્રયત્ન કર્યો. તેમ છતાં ઝનૂની હુમલાખોરના છૂરાનો ઘા કાસમના ખભે અને પાછળ રહેલ લાલજીભાઈના હાથે વાગ્યો. આ દૃશ્ય જોઈ મંડપમાં બેઠેલ બધા તે તરફ દોડ્યા. હુમલાખોર બીજો ઘા કરે તે પહેલા તેને પાછળથી પકડી છૂરો ઝૂંટવી લીધો. તેટલામાં પોલીસવાનની સાયરનનો અવાજ સંભળાતા ટોળું ત્યાંથી નાસી ગયું. હુમલાખોરને પોલીસને હવાલે કરાયો. બીજી બાજુ લોહીથી લથબથ કાસમ અને લાલજીભાઈને તાત્કાલિક અન્ય વાહન મારફત હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. શાદીના કાર્યમાં ભંગ પડવાથી બધા નારાજ થયા. બન્નેને વાગેલ છૂરાના ઘા બહુ ઊંડા ન હતા અને સમયસરની


ISSN 0976-9609

સારવાર મળી જતાં બંનેનો આબાદ બચાવ થયો.

હોસ્પિટલમાં બન્નેના બેડ બાજુબાજુમાં જ હતી. કાસમ સૂતા સૂતા ભૂતકાળમાં સરી ગયો. તેના કપરા કાળમાં લાલજીભાઈ તેમજ ગામના લોકોએ ફરિશ્તા બની તેના પરિવારને ભાઈની જેમ સાચવ્યો હતો. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે આર્થિક મદદ સહિત દરેક પ્રકારે સહાય પૂરી પાડેલ. આજે તેનું થોડું ઋણ ચૂકવી શકાયું તેનો હરખ હૈયે ઊછળતો હતો. બન્નેના શરીરમાંથી વહેલ લોહીનો રંગ ન તો લીલો હતો કે ન કેસરી હતો. એક સરીખું લાલ રંગનું લોહી વહી ગયેલ. જે બન્નેને હિન્દુ-મુસ્લિમ નહીં પણ નેક ઈન્સાન તરીકેની ઓળખ સાબિત કરતું હતું.

પોતાની જાતની પરવા કર્યા સિવાય આજે કાસમે દાખવેલ માનવતાને જોઈ, લાલજીભાઈએ મનોમન તેનો અહેસાન માન્યો. તેમજ તે જલદી સ્વસ્થ થઈ જાય તેવી પ્રભુને પ્રાર્થના કરી. તે રૂમમાં અન્ય બેડ પર સૂતેલ યુવાન દર્દી રેડિયો ઓન કરી ગીતો સાંભળતો હતો ત્યારે કોમી એખલાસને દાદ આપતું ફિલ્મ ધૂલ કા ફૂલનું મોહમ્મદ રફીએ ગાયેલ ગીત 'તું હિન્દુ બનેગા ના મુસલમાન બનેગા, ઈન્સાન કી ઔલાદ હૈ, ઈન્સાન બનેગા' સંભળાઈ રહ્યું હતું. જે કોમી એખલાસની ભાવનાને પ્રબળ બનાવી રહ્યું હતું.

અંતરિક્ષ, પ્લોટ નંબર-૩૯૩/૨, સેક્ટર-૩/બી,
ગાંધીનગર-૩૮૨૦૦૬ (મો) ૯૮૯૮૪ ૫૩૧૭૨.

## ।। વિદ્યાવૃત્ત ।।

### ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૧૫મી માર્ચ 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' ઉજવાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૧૫મી માર્ચ "વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ"ની ઉજવણી શાળાના પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ કન્વિનરશ્રી જીતેન્દ્ર મહેતા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પ્રતીક ગ્રાહક સુરક્ષા ફોરમના દીર્ઘ અનુભવી અને ગ્રાહકોના હિતરક્ષક શ્રી શાંતિલાલ કપાસિયા હાજર રહ્યા અને વિદ્યાર્થીઓને ગ્રાહકોના અધિકારો અંગે દાખલા અને ઉદાહરણ દ્વારા સમજાવ્યું કે, વસ્તુનાં તોલમાપ કે ગુણવત્તા અંગે છેતરાયા હોય તો, ક્યાં ફરિયાદ કરવી? શું કાળજી રાખવી ? તેની સરળ સમજ આપી હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ ગ્રાહક અધિકારો, ગ્રાહક સુરક્ષા અને સશક્તિકરણ તેમજ જાગરૂકતા લાવવાનો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું.

---

*“"Your mindset determines your success."*

*"It's important to set your own standards."*

*"Never give up on a dream that you have been chasing for a long time."*

*"Adversity often brings out the best in people."*

*"Focus on your goals, not your obstacles."*

*"Success is best when shared."*

|| અભ્યાસ ||

## આદિવાસી ભીલભક્ત વસુ

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

આદિવાસી ભીલભક્ત વસુ સાથે વિષ્ણુ ભોજન કરતાં

છેલ્લા એક હજાર વર્ષનો ઇતિહાસ તપાસતાં એક હજાર વર્ષ દરમ્યાન આદિવાસી પ્રજામાં કોઈ સતી થઈ હોય, કોઈ સંત થયો હોય કે કોઈ ઉપદેશક થયો હોય એવું લખાયું નથી. તેનું ધાર્મિક-ધર્મસાહિત્ય છે. એ ભક્તિ સાહિત્ય નથી.

મધ્યપ્રદેશ, રાજસ્થાનનાં રાજ્યોમાંથી તથા ગુજરાતના પંચમહાલ જિલ્લો, સાબરકાંઠા જિલ્લો, બનાસકાંઠા જિલ્લો તથા તાપી જિલ્લામાંથી ગુજરાતના સૌરાષ્ટ્રમાં દર વર્ષે હજારો આદિવાસીઓ ખેતમજૂરી કરવા તથા અન્ય મજૂરીકામ માટે સૌરાષ્ટ્ર-કાઠિયાવાડમાં આવે છે અને ઝૂપડાં બાંધી જ્યાં ત્યાં વસે છે તેનો અભ્યાસ કર્યા પછી એ સિદ્ધ થાય છે કે આ પ્રજામાં ભકિત નથી. તેણે ઘરમાં કયારેય ભગવાનના નામનો દીવો-અગરબત્તી કર્યા હોય એવું જોવામાં આવ્યું નથી. સખત મજૂરીકામ અને દારૂ-તાડીનું સેવન એ તેમનું મુખ્ય કાર્ય હોવાનું ફલિત થતું દેખાય છે. એટલે બેધડકપણે કહી શકાય છે કે તેમનામાં નિષ્કામ ભક્તિનું તત્ત્વ ગેરહાજર છે. તેમનાં ગોઠિયા-ગોઠણનાં ગીતો સાંભળો તો તેમની સંસ્કૃતિનું દર્શન થયાં વિના રહેશે નહિ.

આ આદિજાતિ છેલ્લાં હજારેક વર્ષથી ભક્તિથી વિમુખ થઈ છે. પ્રાચીન કાળમાં આ આદિ પ્રજામાં ઘણા ભકતો પાકયા છે. તેમની પાસે સંસ્કૃતિ પણ મર્યાદાવાળી હતી. તે સમયે ગોઠિયા-ગોઠણ જેવાં પ્રેમચરિત્રો ન હતાં. મર્યાદાનું બંધન હતું. જે આજે નથી રહ્યું. આ પ્રમાણે સુધરેલાં સમાજ પાસેથી મર્યાદાનું ગણિત શીખવા જેવું તો છે જ. જો શીખે તો !!!

લોકસાહિત્યકાર અને વિદ્વાન બારોટ બાલુભાઈ બારોટને બોલાવી મેં આદિવાસી પ્રજામાં કોઈ સંત, ભક્ત કે મહાપુરુષ પાક્યા હોય તો તેની યાદી માગી ત્યારે શ્રી બારોટજીએ જણાવેલું કે આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં અખા પ્રજામાં ૨૮ સંત-ભક્તો અને પતિવ્રતા સતી સ્ત્રીઓ થઈ ગઈ છે. જે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ તથા પ્રાચીનયુગમાં થયેલાં છે. તેમાં વિશ્વવસુ, વીર, નિષાદરાજ ગુહ, ચંડ, ચક્રીક, તુંબડા ભગત, કોબરાજી ભગત, ધૂડો ભગત, સિતરો ભગત, પલવો ભગત, જેઠિયો ભગત, ઉદંડ ભગત, વેલિયો ભગત, હરિયો ભગત શામળિયો ભગત, કિશત ભગત, ફોટગ ભગત તથા સતી-ભક્તિમતીઓમાં ચક્રાવતી, ચિત્રાવતી, આહુકી, ફૂલકીબાઈ, ગંગાબાઈ, જેઠીબાઈ, ચંડાવતી, ભદ્રાવતી, કેળીબાઈ અને દેવલીબાઈ વગેરેનો સમાવેશ થાય છે.

આ લેખમાં આદિવાસી ભીલભક્ત વસુ ઉપર પ્રકાશ પાડવાનો ઉપક્રમ છે. સત્યયુગના અંતિમ ચરણમાં દક્ષિણ ભારતના વેંકટગિરિ નામના તીર્થમાં નિષાદ વસુ નામનો ભીલ-ભકત રહેતો હતો. તે વિષ્ણુ ભગવાનનો પરમ ઉપાસક હતો.

આ ભૂમિનું સર્જન નારદજીએ કર્યું હતું અને તેને તીર્થભૂમિ બનાવી હતી. આ પવિત્ર ધર્મભૂમિમાં ભગવાન શ્રી વિષ્ણુએ કાયમ વાસ કર્યો હતો. આ પવિત્ર ભૂમિ ઉપર આવેલા શિખર પર પાર્વતીપુત્ર સ્કંદદેવતા પણ રહેતા હતા. નારદજીએ આ ધર્મભૂમિને 'સ્વામિ પુષ્કરિણી' એવું નામાભિમાન કર્યું હતું. અહીં વસીને સ્કંદદેવતા નિત્ય ભગવાન વિષ્ણુની ઉપાસનામાં જ રત રહેતા હતા.

સ્કંદના નિવાસ પછી આ ધર્મભૂમિને 'સ્કંદતીર્થ' તરીકે પણ ઓળખવામાં આવતી. અને આજે પણ યાત્રાળુઓ તેને 'સ્કંદતીર્થ' કહે છે. આ સ્કંદતીર્થની પાસે શ્રીદેવી તથા ભૂદેવી એમ બે શકિત-માતાજીનાં મંદિરો આવેલ છે.

સત્યયુગમાં અંજનાગિરિ, ત્રેતાયુગમાં નારાયણ ગિરિ, દ્વાપરયુગમાં સિંહાચલ અને કળિયુગમાં વેંકટાચલ.


ISSN 0976-9609

આમ ચાર યુગોમાં આ તીર્થસ્થાનો ભગવાન પરમાત્માના કાયમી નિવાસસ્થાન રહ્યાં છે અને આ ધર્મભૂમિના પવિત્ર તીર્થસ્થાનોમાં તપસ્યા કરીને અનેક ભક્તો ભગવાનનો સાક્ષાત્કાર પામ્યા છે.

આ પવિત્ર ધર્મભૂમિમાં વસેલો નિષાદ ભીલ ભગવાન શ્રીવિષ્ણુનો પરમ ઉપાસક હતો. તે નિત્ય સવારે સ્વામિ પુષ્કરિણી નદીમાં સ્નાનાદિ કરીને શ્રીનિવાસ વિષ્ણુ ભગવાનની પૂજા કરતો. ભગવાનને ભોગ ધરાવવા માટે રાંધેલા ચોખામાં મધ મેળવી તેનો ભોગ શ્રીદેવીમાતા તથા ભૂદેવીમાતા અને ભગવાન વિષ્ણુને ધરતો હતો અને ભોગની સામગ્રી જ પોતાની પત્ની ચિત્રાવતી સાથે બેસીને આરોગતો હતો. આ તેનો નિત્ય નિયમ હતો.

આ પર્વતના એક ભાગમાં ડાંગર (ચોખા-ચાવલ)નું ગાઢ જંગલ હતું. તેમાં ડાંગર પુષ્કળ પાકતી હતી. વસુ હાથમાં બાણ લઈને ડાંગરના જંગલની રખેવાળી કરતો હતો. કારણ કે ડાંગરના પાકને કોઈ નુકસાન કરે તો ભગવાનના ભોગ માટે ડાંગર ક્યાંથી લાવવી ?

વસુ ભીલ અને ભગવાનની વચ્ચે માયાનો પરદો ન હતો. વસુની નિષ્કામ ભક્તિ અને શુદ્ધ હૃદય જોઈને ઈશ્વર પ્રત્યક્ષ પ્રગટ થઈ તેની સાથે વાતો કરતા હતા. વસુ જાતિએ શૂદ્ર ભીલ ભલે હતો, પરંતુ તેના સંસ્કાર શૂદ્ર ન હતા.

ઈશ્વર-પરમાત્મા નાત-જાતના ભેદભાવો જોતાં નથી. કે ઊંચ-નીચપણું પણ તેની નજરમાં નથી. તે માત્ર હૃદયના ભોળા ભાવને જ જુએ છે. ભગવાન અને ભોળપણને ગાઢ સંબંધ છે. ભગવાનને તર્ક કરતાં શ્રદ્ધા અને બુદ્ધિ કરતાં હૃદય વધારે વહાલું છે. ભક્તના હૃદયમાં જો નિર્મળતા હોય તો પ્રભુ જલ્દી પ્રસન્ન થાય છે. ભક્તમાં જો મોટાઈ પ્રવેશે, તર્ક પ્રવેશે અને જ્ઞાનનું અભિમાન પ્રવેશે તો તેને પ્રભુનો સાક્ષાત્કાર ન જ થાય. ઈશ્વરને નમ્રતા જ ગમે છે.

ભીલ ભક્ત વસુની નિર્મળ ભક્તિ હતી. જીવમાત્ર પ્રત્યે તેને કરુણા હતી. પોતે ભીલ હોવાં છતાં તેણે ક્યારેય નિર્દોષ પશુ-પક્ષીનો શિકાર કર્યો ન હતો. તેમને જોઈને હરણાં-સસલાં અને પંખીઓ તેમની પાસે દોડી આવતાં. અબોલ પશુ-પંખીઓને માથે હાથ ફેરવી વસુ તેને અઢળક પ્રેમ આપતો. ચણવા ચોખાના દાણા નાખતો. અને નાનાં પ્રાણીઓને પાણી પીવા માટે લાકડામાંથી બનાવેલ મોટી કુંડી ભરી રાખતો.

વસુની પત્ની ચિત્રવતી પણ પતિના પગલે ચાલી પરમ ભગવદીયસ્ત્રી તરીકે ખ્યાતિ પામી હતી. વિષ્ણુને ભોગ ધરાવ્યા પહેલાં તે પાણી સુદ્ધાં પીતી નહિ. ભગવાનની કૃપાથી ચિત્રવતીના ગર્ભમાંથી સુંદર બાળકનો જન્મ થયો. એ બાળકને ભગવાનને ચરણે મૂકી તેનું નામ 'વીર' પાડ્યું. વસુ સમજતો હતો કે આખા જગતમાં જો કોઈ વીર પુરુષ હોય તો તે વિષ્ણુ ભગવાન પોતે જ છે. બાકી કોઈ વીર પુરુષ જન્મ્યો જ નથી. આવી સમજને કારણે પુત્રનું નામ 'વીર' રાખી ભગવાન પાસે તેનું દીર્ઘાયુ માગ્યું હતું.

મોરનાં ઈંડાને ચીતરવાં ન પડે. એ ન્યાયે બાળક વીર પણ નાનપણથી જ ભગવાનનાં નામ-સ્મરણ સાથે પ્રભુનાં ગુણગાન કર્યા કરતો. પુત્રની ભક્તિ જોઈને આ દંપતી પ્રભુનો ઉપકાર માનતા હતાં.

ભગવાનની લીલા કોઈ સમજી શક્યું નથી કે પામી શક્યું નથી. તે પોતાના ભક્તોની ભક્તિ કેવી છે તેનો ભાગ કરી ભક્તની કસોટી કરતા હોય છે. વસુની પણ ભગવાને કસોટી કરી હતી.

એક દિવસ ભગવાનના ભોગ માટે ચોખા રાંધીને તૈયાર કર્યા. પણ તેમાં મેળવવા માટેનું મધ ઘરમાંથી મળ્યું નહિ. મધના મેળવણ વગર લૂખા ભાત ભગવાનને કેમ ધરાય ? પતિ-પત્ની મૂંઝાણાં. તેમણે દસ વર્ષના પુત્ર વીરને ઘર સોંપી બંને જણાં પતિ-પત્ની જંગલમાં મધ લેવા ગયા. ઘણો સમય થયો છતાં મધ મળ્યું નહિ.

આ બાજુ પુત્ર વીરે વિચાર્યું માતા-પિતા

જંગલમાં મધ મેળવવા ગયા છે તેને ઘણો સમય વીતી ગયો છે. ભગવાન ભોગ વગર બેઠા છે. એમ વિચારી પુત્ર વીરે રાંધેલા ચોખા એક વાસણમાં લઈ તેમાંથી થોડાક ભાત અગ્નિમાં નાખ્યા ને પાછળ રહેલા ભાતમાંથી થોડા ભાત એક વૃક્ષના મૂળમાં પધરાવી તેણે ભગવાન વિષ્ણુનું ધ્યાન ધરી ભોગ જમવા વિનંતી કરી.

બાળકની નિષ્કામ સેવાથી વિષ્ણુ પ્રગટ થયા અને ચોખા (ભાત) નો ભોગ જમવા લાગ્યા ને બોલ્યા : હે બાળક ! મારે સ્વાદની જરૂર નથી. મને તો હૃદયનો સાચો ભાવ ગમે છે. ભાતમાં મધ હોય કે ન હોય એ મારે મન ગૌણ છે. તેં મારી સાથે વૃક્ષોને પણ ભોગ ધર્યો છે એ જોઈને હું ભાવવિભોર થયો છું. કારણ કે વૃક્ષમાં પણ મારો જ નિવાસ છે.

પુત્ર વીર માતાપિતાની રાહ જોતો ઘરની ઓસરીએ બેઠો. એટલી વારમાં મધ લઈને માતા-પિતા આવ્યા. તેમણે જોયું કે રાંધેલા ભાતમાંથી અડધો ભાત પુત્ર વીર ખાઈ ગયો છે. વસુને બહુ દુઃખ થયું. ભગવાનને ધર્યા વિના પ્રસાદ ખવાય જ કેમ ? નાદાન પુત્ર તરફ વસુને ક્રોધ ચઢ્યો. તેણે એક રસ્સી શોધી પુત્ર વીરને થાંભલી સાથે બાંધી દીધો. પુત્રનો આ અક્ષમ્ય અપરાધ હતો. પુત્રને સજા તો મળવી જ જોઈએ. વસુએ બાળક વીરને મારી નાખવા તલવાર ઉગામી અને તલવારનો વાર બાળકના મસ્તક ઉપર પડે તે પહેલાં પાછળથી કોઈએ તેનો હાથ પકડી લીધો.

વસુએ પાછળ ફરીને જોયું તો ભક્ત વત્સલ વિષ્ણુ ભગવાન પોતે હતા. તેનું અડધું અંગ વૃક્ષ જેવું હતું. તેના હાથમાં શંખ, ચક્ર, ગદા હતા ને મસ્તક ઉપર મુગટ હતો. બેય કાનમાં કુંડળ હતા. અને પીળા પિતાંબર ધારણ કર્યાં હતાં.

વસુ તલવાર ફેંકીને ભગવાનના ચરણમાં નમી પડ્યો ને બોલ્યો. "હે શ્રીનિવાસન પ્રભુ ! આપે મને શા માટે રોક્યો ? મારા પુત્રે મોટો અપરાધ કર્યો છે. પ્રભુ ! મને આપનાથી પુત્ર વહાલો નથી..."

ભગવાને કહ્યું : હે ભક્ત ! બાળક વીર મારો પરમ ભક્ત છે. હું જેમ તારી સાથે જમતો હતો. તેમ આજે તારા બાળકની સાથે જમ્યો છું. તેણે વૃક્ષોને પણ જમાડ્યા છે. તે ગુનેગાર નથી. તેણે મને ભોગ ધર્યો છે.

પ્રભુની વાણી સાંભળી ભીલ દંપતી હરિના ચરણમાં આળોટવા લાગ્યું. અને પોતાનું આદિવાસી જીવન કૃતાર્થ સમજવા લાગ્યું.

---

C/o "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય 'અનુરાગ'
રતનપરા શે-૧, બાગદરવાજા,
માણાવદર-૩૬૨૬૩૦,
જિ-જૂનાગઢ (મો) ૮૭૩૫૯૦૨૪૨૪

---

*"Hinduism is not just a faith. It is the union of reason and intuition that can not be defined but is only to be experienced.*

*Evil and error are not ultimate. There is no Hell, for that means there is a place where God is not, and there are sins that exceed his love."*

*"True religion is a revolutionary force: it is an inveterate enemy of oppression, privilege, and injustice."*

*"Religion is behaviour and not mere belief."*

 ISSN 0976-9609

**॥ ચિંતન ॥**

## જ્ઞાનપ્રસારનો અભાવ એટલે અંધશ્રદ્ધા

**શીલા વ્યાસ**

પ્રવર્તમાન સમય-સંજોગો જોતાં એવું લાગે કે જાણે સમગ્ર સમાજ અંધશ્રદ્ધા અને અસંસ્કારોથી પ્રભાવિત થયો છે. 'नहीं ज्ञानेन सदशं पवित्रम् ईह विघ्यते ।' (ગીતા ૪-૩૮) અર્થાત્ આ જગતમાં જ્ઞાન સમાન પવિત્ર અન્ય કશું જ નથી. જ્ઞાનનો અભાવ હોય ત્યાં અંધશ્રદ્ધાનો પ્રભાવ હોય જ. યજુર્વેદમાં નોંધ્યું છે કે, 'भूत्यै जागरणम् अभूत्यै स्वपनम् । (યજુ.૩૭-૧૭) મતલબ જ્ઞાન પ્રાપ્તિ માટેની જાગૃતિ એટલે ઐશ્વર્ય-પરમ સુખ અને આળસુ બની ઊંઘતા રહેવું સર્વ રીતે દરિદ્રતા છે. માનવ સમાજમાં દુઃખનો પ્રારંભ અજ્ઞાન તથા અંધશ્રદ્ધાથી જ થાય છે.

'सा विधा या विमुक्तये ।' ज्ञानम् हि परं देवता (સંદર્ભ : ગીતા ૧૩-૮, ૧૦) જ્ઞાન એ છે જે ભૌતિક જગતના પદાર્થો મોહ-માયામાંથી મુક્ત કરે, અજ્ઞાનનો નાશ કરે. જેથી છળ, કપટ, દંભ કે ભોગેચ્છા ન હોય તેવા વાણી, વર્તન, વ્યવહાર એ જ ખરું જ્ઞાન. જે દ્વારા વ્યાપક, ચેતનરૂપ, પરમાત્મા જ પરબ્રહ્મ છે એવી અનુભૂતિ થાય. પરંતુ આ બધાથી વિપરીત હોય તે સર્વ અજ્ઞાન છે. દા.ત. ઉત્તરપ્રદેશના હાથરસ ખાતે બનેલી દુર્ઘટના.... ધાર્મિક સભામાં કથાકારને પ્રત્યક્ષ જોવા કે શ્રવણ કરવા જવામાં કેવું જોખમ છે ? કેટલાં લોકો જિંદગીથી હાથ ધોઈ બેઠા ? એ અજ્ઞાન-અંધશ્રદ્ધાને કારણે જ ને ? કેમ કે કથારસ માણવો હોય, ભક્તિ કરવી હોય તો ઘરે બેઠાં પુસ્તકો-ગ્રંથોનો ઉપયોગ કરી શકાય અથવા આધુનિક ઉપકરણના માધ્યમથી પણ જાણી શકાય.

સમાજમાં સંસ્કારની વાત આવે છે ત્યારે સૂત્ર યાદ આવે - शीलं परं भूषणम् નો અર્થ સ્વયં સ્પષ્ટ છે કે ચારિત્ર્ય મનુષ્યનું ઉત્તમ આભૂષણ છે. સંસ્કારી હોવાનું પ્રથમ સોપાન છે. માનવમાં રહેલા સત્ય, જ્ઞાન, વિદ્યા, જપ, તપ તથા જીવનલક્ષી કલાઓ ત્યારે જ સફળ થાય, જો તેનામાં શુદ્ધ ચારિત્ર્ય હોય. મહાત્મા ગાંધીની જેમ શીલ તેવી શૈલી. સંદર્ભે માનવનું જેવું ચારિત્ર્ય હોય તેવી તેની જીવન જીવવાની શૈલી-રીતિ હોય, શીલવાન વ્યક્તિ હંમેશા સફળ થાય અને આપણને આગળ વધવાનો માર્ગ ચિંધતા રહે, જેમ કે સ્વામી વિવેકાનંદ, સરદાર પટેલ, કસ્તુરબા, મણીબેન પટેલ, દ્રૌપદી મૂર્મુ નરેન્દ્ર મોદી... ભારતના ભવ્ય ઈતિહાસમાં નોંધાયેલા અનેક રાષ્ટ્રભક્ત ચરિત્રો, સાહિત્યકારો, કલાકારો, સમાજ સેવકો, શિક્ષકો માનવ સંસ્કાર ઘડતરમાં શ્રેષ્ઠ યોગદાન આપી સફળ જીવન જીવી ગયા.

આપણાં પ્રાચીન ગ્રંથોમાં, પ્રકૃતિને પણ દેવતા ગણી તેની આરાધના કરવામાં આવી છે. આ સૃષ્ટિ નિર્માણમાં પંચ મહાભૂત તત્ત્વોઃ આકાશ, અગ્નિ, વાયુ, જલ અને ધરા કેન્દ્ર સ્થાને છે. તેમાંય સદાબહાર જીવંત તત્ત્વ એટલે લીલીછમ વનરાજી. માટે તો કહ્યું છે 'वृक्षः स्तपुरुषः इवम् ।' જે આપણને અનેકશઃ રત્નો પ્રદાન કરે છે. મૂળ થકી જમીનની સુરક્ષાથી માંડીને ઓક્સિજન, ઔષધિ, ઈમારતી લાકડું, ફૂલો, ફળો-છાંયો, ખાતર-કાગળ-ખોરાક જેવા અનેક ઉપયોગી પદાર્થો આપી સંત મહાત્માની જેમ તપશ્ચર્યા કરનારા વૃક્ષો ધરતીમાતાની શોભા બને છે. જે પોતાના અસ્તિત્વ માટે આમાનું કશું જ ખપમાં લેતા નથી. પણ જીવમાત્ર પ્રત્યે ઉપકારી બની રહે છે. આવો સદ્ભાવ-કૃપાભાવ જ્યાં સુધી માણસમાં નહીં પ્રગટે, ત્યાં સુધી સંસ્કાર, ધર્મ-જ્ઞાન-કલામાં સફળતા નહીં મળે.

આધુનિક સમય-સંદર્ભે વાત છેડીએ તો વિજ્ઞાન-ટેક્નોલોજીના સહારે, શોધ-સંશોધન પ્રતાપે, ઉપલબ્ધ, ઈન્ટરનેટ, કમ્પ્યુટરના માધ્યમથી માહિતીના મહાસાગર એવા ગૂગલ ગુરુદેવની આરાધના શરૂ થઈ, પરંતુ અઢળક માહિતીનો વિનિયોગ જીવાતા જીવનમાં, વ્યવહારમાં કે અનુભવમાં કરતાં ન આવડે તો એ શા કામની ભલા ? વિચાર-વાણી અને સંદેશા આપ-લે-

નું હાથવગું માધ્યમ એટલે સેલફોન સૌ કોઈએ સરળતાથી મેળવી લીધો. કિન્તુ અભણ-આળસુ તેમજ મનોરંજનમગ્ન પ્રજામાં તેનો સદુપયોગ કરવાની યોગ્ય સમજ કેળવાઈ નથી. ત્યારે ખ્યાલ આવે કે જ્ઞાનનો જેટલો પ્રસાર-વિસ્તાર થવો જોઈએ તેટલો થયો નથી. વળી, ભૌતિક સુખાકારી, મોજ-શોખમાં રાચતી આજની યુવા પેઢીને પોતાની કે પરિવારની, સંસ્કાર કે ધર્મની કાંઈ પડી જ નથી. બસ, મનમોજીલા બનીને બેફામ જીવ્યે જાય છે. નથી નીતિ-કાયદાનો ડર કે નથી જાત-જીવન ગુમાવવાનો ભય. આમ, સમય-સત્ય-સંયમના અભાવમાં ઊછરતી આપણી પ્રજા-પેઢી પાસેથી સંસ્કાર કે ધર્મના અનુપાલનની અપેક્ષા કેમ રાખી શકાય ? હકીકતે આખો સમાજ અન્યાય, અંધશ્રદ્ધા, અસત્ય, અત્યાચાર, અનીતિ, અંધાધૂંધ વ્યવહાર, આતંકવાદ, વ્યસન, વ્યભિચાર અને ભ્રષ્ટાચારના ભરડામાં સપડાયો છે. અન્યનું આંધળું અનુકરણ કરીને ગેરમાર્ગે દોરવાતો જાય છે એમ અંધશ્રદ્ધા અને અસંસ્કારિતામાં ડૂબતો જાય છે. જેમ કે વનરાજ સિંહ કૂવામાં ડોકિયું કરતા પોતાના પ્રતિબિંબને જોઈને એવું સમજે કે આમાં મારો પ્રતિસ્પર્ધી છે. પછી એની સાથે લડાઈ કરવાં કૂવામાં ઝંપલાવે અને મોતને ભેટે. અજ્ઞાનથી જીવનનો અંત આણે. બીજું દૃષ્ટાંત છે શ્વાન મોંમાં હાડકું લઈને ચાવતો-ખાતો હોય ત્યારે પોતાના પેઢાં છોલાય, લોહી નીકળે તો એમ સમજે કે આ હાડકાનું છે. તેથી ચાટે પણ પેટ ન ભરાય. એને સંતોષ ન થાય. વાસ્તવમાં પોતાનું જ લોહી પેટમાં જાય, અન્ય શિકાર કે ખોરાક નહીં. એવી રીતે અંધશ્રદ્ધાળુ સ્વરચિત જાળમાં ફસાતો જાય. ભૂત-પ્રેત, ડાકણ-ચૂડેલના વળગણની ભૂલ ભરેલી, ભય પમાડતી માન્યતામાં રાચે, ભૂવા-ઢોંગીઓની ચુંગાલમાં ફસાય પછી દુઃખી થાય, પરિવારને આર્થિક રીતે પાયમાલ કરે, અંતે જીવ ગુમાવે, આ રીતે આંધળા બનીને કરવામાં આવતી પ્રવૃત્તિ અંધશ્રદ્ધાનું જ પરિણામ છ ને ? !

**ज्ञानात् ऋते न मुक्तिः**

જ્ઞાન વિના મુક્તિ ન મળે. સાધનથી પ્રાપ્ત થયેલી સ્થિતિ ક્ષણભંગુર છે. પણ જ્ઞાનપ્રાપ્ત માનસિકતા-સ્થિરતા અખંડ રહે છે. એટલે અનંત જ્ઞાનનું ક્ષેત્ર-વિસ્તાર અનંત નિત્ય છે. કેમકે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જેનો કદી નાશ થતો નથી. આર્ષદૃષ્ટાના મતે જ્ઞાન મુખ્યત્વે બે પ્રકારનું હોય. જેમકે -

જ્ઞાન

| ↓ | ↓ |
|---|---|
| લૌકિક | અલૌકિક |
| ↓ | ↓ |
| જગત વિશેનું | જગદીશ વિશેનું |
| ↓ | ↓ |
| કર્મયોગ દ્વારા | ભક્તિયોગ દ્વારા |
| ↓ | ↓ |
| ભૌતિક માર્ગે પ્રાપ્તિ | ધાર્મિક માર્ગે પ્રાપ્તિ |

ટૂંકમાં, કોઈ પણ કર્મને ભક્તિભાવથી-નિષ્કામ સેવાથી કરવામાં આવે ત્યારે સાધકને સાચા સંતના કે ઇષ્ટ દેવના દર્શન થાય છે, જે તેને શુદ્ધ બુદ્ધિ કે જ્ઞાન આપે છે. ભક્તિયોગ ચિત્તને નિર્મળ કરે છે. સદ્‌ગુરુ રૂપે આત્મામાં જ્ઞાન પ્રકાશ પાથરે છે. જેને આવું જ્ઞાન મળે તેની બુદ્ધિ સ્થિર થાય, મન શાંત થાય, વૃત્તિ વશ થાય, લોક ક્ષય થાય.

આમ સર્વ રીતે એવો સાર ગ્રહણ કરવો કે જેનું કાયમ-નિત્ય આચરણ કરવા જેવું છે, જે સૌ કોઈના જીવનમાં ઉપયોગી હોય, તેવી બાબતોનું નિયમોનું પાલન કરવું જોઈએ. જેમકે સદ્‌ગુરુનું શરણું લેવું. ધર્મગ્રંથોનું સેવન કરવું, અભ્યાસમગ્ન રહેવું, સર્વ કલા પ્રવૃત્તિમાં કાર્યશીલતા અને સજાગતા જાળવી રાખવાની. નિત્ય વિવેક તે કર્મ છે. તે દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન અનુભવજન્ય અખંડ બની રહે છે. ગીતાકારે ઉચિત કહ્યું છે, 'धर्मः रक्षति रक्षितः' જે ધર્મનું પાલન કરે, રક્ષણ કરે તેની સુરક્ષા ધર્મ કરે જ છે. ધર્મ સંસારનો આધાર છે પાયો છે. ધર્માચરણથી મનુષ્ય


ISSN 0976-9609

પાપ કર્મોથી ઊગરી જાય છે. તેથી ધર્મને સર્વોપરી માનવામાં આવે છે. તદ્દાનુસાર માતૃ-પિતૃ ધર્મ, ગુરુ-શિષ્ય ધર્મ, રાષ્ટ્ર ધર્મ, માલિક-ગ્રાહક ધર્મ વગેરે એકમેક સાથે અનુબંધિત છે. જેમ 'અહિંસા પરમો ધર્મ:' ભગવાન બુદ્ધ કથિત વાણીમાં માનવતાનો સ્પષ્ટ નિર્દેશ છે. યુદ્ધ-હિંસા રહિતનું, સંત-શાંતિમય જીવન જીવવું તથા અન્યને જીવવા દેવું તેવું મહાત્મા ગાંધીએ પણ પ્રબોધ્યું છે. માનવસેવા એજ પ્રભુસેવા કથનમાં પરમ-પવિત્ર ધર્મનો નિર્દેશ છે. આવા સ્વ ધર્મના પાલન માટે આત્મ શ્રદ્ધા હોવી જોઈએ. તે માટે હર કોઈએ સકારાત્મક વિચારધારા રાખવી જોઈએ. શ્રદ્ધાવાન: લભતે જ્ઞાનમ્ ।

---

આર્ટ્સ-કોમર્સ કોલેજ, બોરસદ
ફોન (મો) ૮૨૩૮૩ ૩૨૨૭૧

---

## ।। વિદ્યાવૃત્ત ।।

## આણંદ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, આણંદ દ્વારા આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલના શિક્ષકનું સન્માન

આણંદ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, આણંદ જિલ્લા દ્વારા આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના વરિષ્ઠ શિક્ષક શ્રી રાજેશભાઈ ભટ્ટનું નાર ખાતે યોજાયેલ અધિવેશનમાં ભવ્ય સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન, આણંદ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી કામિનીબેન ત્રિવેદી રહ્યાં, જેઓએ શ્રી રાજેશભાઈ ભટ્ટની ૩૨ વર્ષીય શિક્ષણસેવા માટે હૃદયપૂર્વક પ્રશંસા કરી.

શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટ સહિતના સહકર્મીઓએ તેમના શૈક્ષણિક યોગદાન, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે કરેલા પ્રયત્નો માટે અભિનંદન પાઠવ્યા.

શ્રી રાજેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ અને તેમના ભવિષ્ય નિર્માણ માટે અથાગ પ્રયત્નો કર્યા છે, જે માટે આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ તથા શિક્ષણ જગતમાં તેમનું નામ સર્વત્ર ગૌરવભર્યું રહેશે.

આ સન્માન કાર્યક્રમ એક શિક્ષણસેવકના અનન્ય યોગદાનને પ્રોત્સાહન આપતો અને શિક્ષણ જગત માટે પ્રેરણારૂપ બન્યો હતો.

### ગો.જો. શારદા મંદિરમાં પ્રાથમિક વિભાગનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો.

તા.૨૫/૩/૨૦૨૫ને મંગળવારના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિરમાં પ્રાથમિક વિભાગનો વાર્ષિક ઈનામ વિતરણ તથા ધોરણ-૮ના શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું. વર્ષ દરમિયાન વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિજેતા બનનાર લગભગ ૧૭૦ જેટલી વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદમંત્રીશ્રી ડો.એસ.જી.પટેલ, પ્રાથમિક શાળાઓના સલાહકાર વિનોદિનીબેન પટેલ, ઈનામના દાતા ભૂતપૂર્વ શિક્ષિકા સ્વાતિબેન પટેલના પરિવારના સભ્ય રવિભાઈ પટેલ, એસએમસીના અધ્યક્ષ કિન્નરીબેન પંચાલ, સી.આર.સી. દીપકભાઈ પટેલ તથા શાળાના આચાર્યા મેઘનાબેન દેસાઈ તથા સુપરવાઈઝર યામિનીબેને ઈનામ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિ કરાવનાર શિક્ષક ગણ, કન્વિનર દીપ્તિબેન મેઘા તથા કાર્યક્રમના ઉદ્ઘોષક રેશ્માબેન પરમારને આચાર્યા મેઘનાબેને અભિનંદન પાઠવેલ.

|| નવલિકા ||

## ખારવાનો છોરું

પંકજ ત્રિવેદી

જ્યાં સુધી નજર પહોંચે, દરિયો જ દરિયો. ક્ષિતિજ અને દરિયાના મેળાપ પર એક પાતળી રેખા ડૂબતા સૂર્યના કિરણોમાં ચમકી રહી છે. એ ચમક મારી આંખોને અંજાવી દેવા પૂરતી છે. હું આંખ ખોલું અને બંધ કરું ત્યારે દરિયો તો મારી આંખમાં લહેરાતો મારા હ્દય સુધી પહોંચી જાય છે. મારું હ્દય લાગણી ના ભાવોમાં ભીંજાઈ જાય છે. અંદર અનેકાનેક મોજાંઓ ઊછળે છે, જાણે મારું હ્દય હમણાં જ ફાટી જશે અને હું અને દરિયો એકમેકમાં સમાઈ ગયા હોય એમ મિલનની ક્ષણે એકબીજામાં લીન થઈ જઈએ.

દરિયાનો પટ્ટ નિર્જન ભાસે છે ત્યારે અચાનક મારું આશ્ચર્ય આળસ મરડીને બેઠું થાય છે. ખારવા છોરું હોવાને કારણે કાંઠે આવતી માછલીઓને જોયા કરું. ઉછળતા મોજાંઓ ઊછળે છે, જાણે એના અંગ-વળાંકોથી નૃત્યની મુદ્રાઓ ઊભરી આવે અને મારા ચિત્તને પ્રસન્ન કરી દે. મારું મન માછલીઓ સાથે સંવાદિતા સાધે. મનોમન થતાં આ સંવાદ માત્ર અમારી વચ્ચે જ હોય. મનોજગતમાં આખેઆખું રંગમંચ ખડું થાય. માછલી સાથેના એ રોમાંચક સંવાદો એના અને મારા મનોજગતને કોઈ અલૌકિક દુનિયામાં વિહાર કરાવે.

વેલેન્ટાઈન-ડે ઊજવતા યુગલને જોઈને માછલીએ પૂછ્યું, “તમે શું કરો છો ?”
“પ્રેમ... !” પ્રેમીએ જવાબ આપ્યો.
“પ્રેમ આમ થાય... ?” માછલીએ કુતૂહલતાથી પૂછ્યું
“તારે ક્યાં દિલ છે તે જાણે...” યુવતીએ વિક્ષેપ પડ્યા પછી ઊંચા અવાજે કહ્યું.

દરિયામાંથી મોં કાઢીને આવેલી માછલીએ પ્રેમક્રીડા કરતાં યુગલને જોઈને જે સંવાદ કર્યા હતા તેનાથી ક્રીડા આપોઆપ પૂર્ણ થઈ ગઈ. તેઓ ત્યાંથી ઓઝલ થઈ ગયાં. જેનો હું અનાયાસે જ સાક્ષી બની ગયો હતો. એક વાત કહું ? તું જ્યારે જ્યારે યાદ આવે છે, ત્યારે હું દોડી જાઉં છું માછલીઘર પાસે ! તારી હયાતીમાં જે ન કહી શક્યો, એ વાત હું પેલા માછલીઘર પાસે જઈને કહી શકું છું. કશાય સંકોચ વગર.

ત્યારે તારો હસતો ચહેરો, ગલગોટાના ખીલેલા પુષ્પ જેમ બોલી ઊઠતો. તું હળવા સ્મિત સાથે આંખ પર આંગળી ફેરવતી અને આંખોની ભીનાશ, મારા રોમરોમમાં ઊતરી જતી. મને ખબર નથી કે માછલી આટલી પ્રિય કેમ છે ? હું તો સતત તારામાં જ મત્સ્ય કન્યાની અનુભૂતિ કરું છું. હું તો બસ, ચાહ્યા કરું તને, તારા સૌન્દર્યને, તારી ચપળતાને ! મત્સ્ય કન્યા ભલેને તારાથી સાવ અલગ હોય. મને થાય કે પુરાણોની કથાઓમાં મત્સ્યકન્યાનું જે વર્ણન હોય છે તે સાચું જ હશે કે માત્ર રોમાંચક કલ્પનાઓ ?

મને તો ઘણા મિત્રો કહેતાં કે તું એની પાછળ આટલો બધો પાગલ કેમ છે ? આ તો બધું સ્વપ્ન જેવું છે. મારા પ્રેમની અનુભૂતિ વિશે તેં હંમેશા મૌન સેવ્યું છે. તારા તરફથી શૂન્યતા વ્યાપ્ત રહી અને હું અફાટ દરિયા જેમ તને જોઈને હિલ્લોળા લેતો હતો ! માછલીઘરમાં તરતી રંગબેરંગી માછલીઓમાં, હું તારા અસ્તિત્વને પામવા મથતો એનું કારણ તો હું પણ શોધું છું. હા, કદાચ તને એનું કારણ કે અર્થ મળી જાય તો પણ મને કેમ કહીશ ?

હું તો માછલીઓ વચ્ચે તને શોધ્યા કરું. માછલીના રંગોને કારણે હું જીવનના રંગોને ઓળખતો થયો. એને સમજતો થયો. મારાં સપનાં જ મારી મૂડી છે. એક રોમાંચક સપનું આવેલું. એની વાત કરું તને. કેસૂડાના ખીલેલા ફૂલ જેવો સાફો બાંધીને ઢળતી સાંજે આછા અજવાશમાં ડૂબતો સૂર્ય... સ્ફટિક શી ચમકતી રેતાળ નદીના પહોળા વહેણમાં મેઘધનુષી આભાર રચાય, એ જોઈ કેવી મીઠી મીઠી ઈર્ષ્યા કરે છે. દરિયામાં તરતી નટખટ માછલીઓ...


ISSN 0976-9609

કાલે મેં નાનકડી માછલીને દરિયાના પેટાળમાં ખડકની વચ્ચે છુપાયેલી જોઈ. મને આશ્ચર્ય થયું. બીજી અનેક માછલીઓ આમતેમ ભાગતી દેખાઈ. જાણે પકડદોડની રમત. ક્યારેક સરરર તરતી ભાગે ને ક્યારેક છુપાઈ જાય. જોયું તો પેલી માછલી હજી સંતાયેલી છે. ડરી થઈ હશે કે શું ? મોટી માછલીઓ એકજૂથ થઈને પજવતી હોય, એને બાળપણ પાછું કેમ કરીને આપવું ? મારી જેમ એ નાનકડી માછલી પણ કોઈને કશું કહી શકતી નથી. એ મનોમન દુઃખી થાય. મને લાગે છે કે હું એને શીખવીશ. આપણે ભલે એકલા હોઈએ, એમાંથી માર્ગ શોધવાનો. હું એને બોલતી કરીશ. પોતાની જાત સાથે સંવાદ કરનાર માણસ બહુ દુઃખી નથી થતો. હું નાની માછલીને સમજાવીશ. બધાં ભલેને છોડી જાય. ચોક્કસ ધ્યેયથી આગળ વધીશ તો હિંમત વધશે. તારી આગવી ઓળખથી સૌને તારા તરફ આવવા પ્રેરણા આપીશ આત્મવિશ્વાસ કેળવાશે તો પ્રેમ પણ મળશે.

તું પ્રેમને ઝંખે છે એ હું સમજું છું. મારી પીડાનો અંત નથી. ખળખળ વહ્યાં કરે છે. સાંભળ ને ! મેં તારું નવું નામ પાડ્યું છે. તનેય નવાઈ લાગશે. કહી દઉં ? Kiss માછલી ! કેવું લાગ્યું નવું નામ ? તું ભલે ન સાંભળે કે ન સમજે. પરંતુ તું મને જોઈ શકે છે, આંખોના ભાવ સમજી શકે છે. એટલે તો હું વાત કરું છું. મારા શબ્દોના તરંગો જળમાં વહેતાં તને રોમાંચિત કરી દેશે. હું કોણ એ જાણવું છે ને ? ઉપરથી ધગધગતો જ્વાળામુખી ધીમે ધીમે તું પેટાળમાં પહોંચીને જોઈશ તો તને અનુભવાશે કે હું પણ લહેરાતો. શાંત, ઘેઘૂર વડ જેમ પથરાયેલા દરિયા જેવો છું. માણસ પહોંચે તો ક્યાં સુધી ?

ઓહ ! અચાનક આ ટોળું ક્યાંથી આવ્યું ? એ મને ભીંસી રહ્યું છે. ખીણમાં ધકેલે છે. હું પછડાતો જાઉં છું... અને બધું શાંત થઈ જાય છે. મારી આંખ ખૂલે છે. ત્યારે જોઉં છું કે દરિયાના પેટાળમાં એક વિશાળ ખડક પર હું ચત્તોપાટ પડ્યો છું. જાણે કે ખુદ વિષ્ણુ ભગવાન શેષશૈયા પર ! આસપાસ નરી શીતળતા, પરમ શાંતિ, મન પણ સ્થિર, નિર્મળ જળમાં મારી આંખો માછલી બની જાય છે. જળરંગોની અદ્દ્ભુત માયાવી નગરી જોઈ લ્યો ! એમાં હું સાવ એકલો, કોરો ધાકોર... ! ક્યાંય પેલું ટોળું દેખાતું નથી. નથી દેખાતી એમની ક્રૂર આંખો. મારી આસપાસ કૂણી વનસ્પતિ આરોગતી નાની-મોટી રંગબેરંગી માછલીઓને વિચરતી જોઉં છું. હું મારા શરીરને સંકોરી લઉં છું. ત્યારે એક માછલી આવીને મધુર સ્મિત કરે છે. હું શરમાઈ જાઉં છું. ત્યારે બીજી એક માછલી આવીને પહેલીને ધક્કો મારીને મને કીસ કરે છે. હું હવે હું નથી. જાણે માણસ નહીં. માછલી..! શક્ય છે કે તારો કોઈ પ્રેમી પણ હોય. તું એને ચાહે પણ એ તને સમજી શક્યો ન હોય. આમ જ તું એકાંતે ઝૂર્યા કરતી હોય. દરિયાકાંઠાના એ માણસને તારી આંખોમાં જોઈને જીવન સામે લડવાનું બળ મળ્યું હોય. કદાચ એટલે તને ભૂલીને એ પોતાની દુનિયામાં ખોવાઈ ગયો હોય. તું એને ભૂલવાના પ્રયત્નો કરતી હોય પણ એ તો માણસની જાત ! એ તારા ગળાડૂબ પ્રેમમાં હતો એ માની લઉં પણ હવે તો એ નથી. તું એને ભૂલી શકતી નથી. આવી જ એક કથા તને કહું. દરિયાકાંઠે બેસીને એક રડતા માણસને જોઈને એક માછલીએ આશ્વાસન ભરી નજરે જોયું. માણસને હૂંફ મળી. બીજા દિવસે દરિયામાં ફેંકાયેલી જાળમાં ફસાયેલી માછલીઓમાંથી એક માછલીએ માણસ સામે જોયું. એ તો ખભે જાળ લઈને ચાલ્યો ગયો. હવે સમજાયું તને ? હું તો દૂર બેઠો બેઠો આ બધું જોયા કરતો હતો. આ બધાં માણસોની વચ્ચે હું જળકમળવત રહ્યો.

એ વખતે એક વિશાળકાય માછલી મારી પાછળ પડી. મને ગળી જવા. હું તો સાવ બેખબર ! ત્યારે એક માછલીએ આવી મારા કાનમાં કહ્યું, ભાગ જલ્દી, એ તને ગળી જશે... મારા રોમરોમમાં માણસ જેવો ડર ફરી વળ્યો. હું મારા અંગવળાંકોનાં નખરાં ભૂલીને જળરાશિને ચીરતો તરવા લાગું છું. ત્યારે જે પેલા વિશાળ ખડક

પાછળથી સાદ સંભળાય છે. હું ગતિને રોકીને એક ક્ષણમાં ત્યાં સંતાઈ જાઉં છું. જ્યાં પેલી કીસ માછલી હતી, અમે બંનેએ એકબીજાની આંખમાં જોયું. પાછળ ધસી આવેલી વિશાળકાય માછલી ખડક સાથે અથડાય છે અને ટુકડાઓમાં વિખેરાઈ જાય છે. કીસ માછલીએ મને કીસ કરીને કહ્યું, માછલી અને માણસ, આમ તો વૃત્તિઓના નામ જ છે ને ? એટલે જ એકબીજાના પૂરક પણ છે. અર્જુને ભલે વિંધી આંખ પણ આવી એકાગ્રતા તો માછલી સિવાય કોણ આપી શકે ? મહાભારત માટે માછલીનું આ સમર્પણ છે. પ્રેમની સચ્ચાઈ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે પ્રતીક્ષાને સાધનાનો દરજ્જો મળે છે. જ્યારે બધું નિરસ થાય ત્યારે આ ઇચ્છાઓ આપણને જીવાડી દે છે.

માછલીઘરમાં તરતી લાલ, પીળી, સોનેરી, રૂપેરી, આસમાની રંગોની આભા રચતી માછલીઓ કેટલી મનમોહક અને પારદર્શી લાગે છે. અસંખ્ય નદીઓના અંગવળાંકો હેતથી મળે અને આંખોમાં દરિયો લહેરાય ત્યારે આ માછલીઓનું નૃત્ય મનોહર લાગે છે. હું જાણું છું કે આપણે કશી વાત કરી શકતા નથી. મને એનો રંઝ પણ નથી. મને તારાથી પણ કોઈ સુંદર દેખાતું હોય તો એ માત્ર માછલીઓ જ છે. આપણે સાથે અભ્યાસ કરતા પણ કોરાં ને કોરાં.

હા, મને જ્યારે યાદ આવે, તને મળવાનો પ્રબળ આવેગ ઊછાળા મારે ત્યારે તને જોવા દોડી આવતો. ત્યારે પણ તારું મૌન સ્મિત મારા થાકને ઉતારી દેતું. એ વખતે તારા શારીરિક આંદોલનોને હું અનુભવી શકતો. મહાનસાગરમાં ચાંદનીનું પ્રતિબિંબ ઝિલાય એવી તારી આંખોને પામવા ઘણા લોકો મરી પડે છે. તને આ સત્ય કયારે સમજાશે ? હું કોઈને કહેવા જાઉં તો મને પાગલ સમજી બેસે. એક વાત કહું ? મને માણસજાત પર ભરોસો નથી. એટલે એમને તારા વિશે કદી કહેતો નથી.

તું કોણ છો ? આવો પ્રશ્ન વારંવાર મારી સામે આવે છે. ભલે ને આવે. હું તને જાણું છું એટલે બહુ સવાલો નથી કરતો. ઉત્તરો મેળવવાની મને ઘેલછા નથી. મારે મન તારું અસ્તિત્વ શારીરિક અનુભૂતિ નથી. હું તો તને માછલી તરીકે પણ પામી શકું છું. તને કદાચ લાગતું હશે કે હું સાચે જ તારી પાછળ પાગલ છું. જ્યારથી તું અભ્યાસ પૂર્ણ કરીને ગઈ ત્યારથી જ મેં મારામાં આ પરિવર્તન અનુભવ્યું છે. માછલીઘરની માછલીઓને તો મેં હવે દરિયાને સોંપી દીધી છે. ખાલી પડેલું એકવેરિયમ કાચની પેટી બનીને મારા ટેબલ પર પડ્યું છે. મને તારી યાદ આવે ત્યારે બે-ચાર આંસુઓ એમાં સારી દઉં છું.

તારા વિશેની મારી કલ્પના અનંત છે. તારામાં હું નવી કલ્પનાના રંગો ઉમેરું તો મત્સ્ય-કન્યાનું રૂપ તાદશ્ય થાય છે. તારા મત્સ્યકન્યાના આ રૂપ જોઈને મારામાં ધરબાયેલી આધ્યાત્મિકતા જાગી જાય છે. સ્ત્રી-પુરુષના સ્થૂળ સંબંધો આપોઆપ છૂ થઈ જાય છે. હું ધીરે ધીરે માનવીઓના સમાજથી અલિપ્ત થઈ ગયો છું. પુરુષના શરીરમાં પણ હું મત્સ્ય જેવું જીવવા લાગ્યો છું.આ દરિયાકાંઠો એનો સાક્ષી છે. છેલ્લા થોડાં વર્ષોથી સૌ મારા વ્યવહારથી પરેશાન છે. તું નહીં માને, હવે હું માણસની જેમ સ્પષ્ટ બોલી શકતો પણ નથી. જીભ થોથવાય છે. શરીર સંકોચાવા લાગ્યું છે. આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ છે. આજે સૌ દરિયાકિનારે ઊમટ્યા હતા. હજી હમણાં જ કોઈએ મત્સ્યકન્યા દેખાઈ હોવાની વાત વહેતી મૂકી હતી. સૌને આશ્ચર્ય હતું. બાળકો અને યુવાઓમાં કુતૂહલ, મોટેરાઓ સફેદ વાળમાં હાથ ફેરવતા ચર્ચા કરતાં કે આવું તો કોઈ દિવસ જોયું જ નથી. હા, પુરાણોમાં ક્યાંક મત્સ્યાવતારનો ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ વાસ્તવિક જીવનને એની સાથે શી લેવાદેવા ? પુરાણોમાં એવું ઘણું લખ્યું છે જેની અનુભૂતિ આજના સમયમાં શક્ય નથી.

મોટેરાઓએ તો યાદશક્તિની પણછ કાન સુધી ખેંચીને મરણિયો પ્રયાસ પણ કર્યો. કશું હાથ ન લાગ્યું. આખું ગામ કામ-ધંધો છોડીને દરિયાકિનારે આવીને ઊભું રહી ગયું. દૂર દૂર સુધી એમની નજર


ISSN 0976-9609

સાગરપંખી બનીને વિહરવા લાગી. રોજ દેખાતી માછલીઓને પણ એમણે કદી ઉત્સુકતા અને આશ્ચર્યથી જોઈ નહોતી. આખું દશ્ય એવું લાગતું કે જાણે તમામ ખારવાઓ આંખોથી દરિયો ડહોળવા ભેગા થાય છે. સૌ પોતપોતાના વિચારો રજૂ કરતાં, દલીલો કરતાં સૌની જીજ્ઞાસાસભર વૃત્તિની ધાર તેજ થવા લાગી હતી. બરાબર એ વખતે જ એક ઘટના બની. સૌના જીવ અદ્ધર થઈ ગયા. સૌ બૂમાબૂમ કરવા લાગ્યા. સૌની નજર એક દિશામાં સ્થિર થઈ.

દરિયાકાંઠાની જમણી બાજુના વળાંક પાસે ઊંડાણ વધુ હતું. આખા ગામના લોકો આ વાત જાણતા હતા. તેથી તમામ ખારવાઓ જમણી બાજુના દરિયાને ખેડવાનું સાહસ નહોતા કરતાં. એ ખાડી વિશે કહેવાતું કે ત્યાં જે જાય એનો ભોગ લેવાય છે શ્રેષ્ઠ તરવૈયામાં મારી ગણના થતી. આજે તો મેં એ ખાડીમાં ઝંપલાવ્યું. સૌની ચિંતા સાચી હતી. બધાં દરિયાકાંઠે વાત કરતાં કે મત્સ્યકન્યા જોવાની લાલચે ઊભા છીએ પણ આ કિશને તો જબરું સાહસ કર્યું. નક્કી એ મત્સ્યકન્યા પાછળ ગયો હશે. હવે પાછો નહીં આવે. મારે મન ખારવાનો દીકરો દરિયામાં ઝંપલાવે એ ઘટના સહજ હતી. હું જમણી તરફ ખાડી તરફ તરતો હતો. સૌને એમ કે મેં મત્સ્યકન્યાને જોઈ છે અને એની પાછળ જઈ રહ્યો છું. કોઈની હિંમત નહોતી કે મારી પાછળ ખાડી તરફ આવે. મેં સૌના અવાજો સાંભળ્યા હતા પરંતુ એ અવાજો હવે બંધ થઈ ગયા. હું એમની નજરથી ઓઝલ થઈ ગયો હતો.

મારી મા અને બાપુ તો એ વખતે હૈયાફાટ રુદન કરતાં હતાં. એમને તો આખું ફાટી પડ્યું હશે. મને કેટલાંક દિવસોથી એક જ સ્વપ્ન આવતું. એમાં મત્સ્ય કન્યા દેખાતી. સમજો કે એની સાથે મારી આંખો મળી ગઈ હતી. આ તારામૈત્રકને કારણે અમે બેઉ પાગલ થઈ ગયા હતા. હવે કોઈપણ ભોગે મત્સ્યકન્યાને પામવા હું ઉતાવળો થઈ ગયો હતો. મારી મા વારંવાર સમજાવતી હતી. મત્સ્યકન્યા હોય એવું માનવા એ તૈયાર જ નહોતી. કહેતી કે એ તો કલ્પના છે. બાપુ તો મને મૂર્ખ કહીને ધમકાવતા. સ્વપ્નની આ અનુભૂતિમાં સત્ય કેટલું ? કોઈ નહોતું જાણતું. છતાં મારે માટે મત્સ્યકન્યાનું અસ્તિત્વ હતું અને એના પ્રેમમાં હું પાગલ હતો. કદાચ, એટલે જ સૌને હાથતાળી આપીને દરિયાની એ શાપિત ખાડીને ખેડવા નીકળી પડ્યો. આજે તો જીવન-મરણનો જંગ ખેલવાનું નક્કી કરી જ લીધું છે.

ધીમે ધીમે હું ખાડીની મધ્યે પહોંચ્યો અને પછી તો ફંગોળાતો ગયો. વમળમાં ઊછળતા જાણે મને મોતનો સાક્ષાત્કાર થઈ રહ્યો હતો. પાણીની થપાટોએ મને બેહોશ બનાવી દીધો. કેટલીયે વાર પછી હું જાણે સ્થિરતાનો અનુભવ કરવા લાગ્યો. હવે પાણી શાંત હતું. હું કોઈ એવી જગ્યાએ હતો જ્યાં મોટા મોટા ખડકો હતો. એક ખડક પાસે જઈને હું બેઠો. અચાનક પથ્થરની એ શિલા  ખસી ગઈ. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મેં અંદર જોયું તો ભોંયરા જેવો રસ્તો દેખાયો. વમળમાં પછડાઈને આખું શરીર છોલાઈ ગયું હતું. ખૂબ થાકી ગયો હતો. છતાં જીજ્ઞાસાથી મેં અંદર પ્રવેશ ર્ક્યો. ત્યાંનું દશ્ય જોઈને આભો બની ગયો. કમર સુધીના પાણીમાં હું આગળ વધતો ગયો. ગુફા જેવા અનેક ખંડો હતા. હું એ તરફ ગયો. એક વિશાળ ખંડમાં મત્સ્યકન્યાને જોતાં જ મારો ચહેરો  ખીલી ઊઠ્યો. અદ્દલ એવી જ લાગતી હતી, જેવી મેં સ્વપ્નમાં જોઈ હતી. નમણો ચહેરો, લાંબા છૂટ્ટા વાળ, તંદુરસ્ત શરીર અને ભરાવદાર ઉરપ્રદેશ. એની આંખો બંધ હતી અને એ અનાવૃત્ત એને મેં ધ્યાનથી જોઈ. સાચે જ અડધું શરીર માછલીનું અને ઉપરનું સ્ત્રી જેવું ! બરાબર એ વખતે જ મત્સ્યકન્યાએ આંખો ખોલી. મોટી ચમકદાર આંખોનું તેજ જોતાં હું ઓળઘોળ થઈ ગયો. એના ચહેરાનું સહજ સ્મિત મારા રોમેરોમમાં વ્યાપી ગયું. ખુશીની લહેર ફરી વળી. મને લાગ્યું કે ખરેખર કોઈ સ્વપ્નભૂમિ પર વિહાર કરી રહ્યો છું. મત્સ્યકન્યા પણ મને આશ્ચર્યથી જોઈ રહી. ધીમે ધીમે હું મત્સ્યકન્યા તરફ આગળ વધ્યો. મત્સ્યકન્યાએ કદી કોઈ પુરુષને

જોયો હશે કે કેમ ? એ મારા સ્વરૂપને રસપૂર્વક નિહાળતી રહી. એ કશું બોલી શકતી નહોતી પણ એની ખુલ્લી આંખો થકી મનનો પાંખાળો અશ્વ સાચે જ હવામાં ઊડવા લાગ્યો હતો, એવું મેં અનુભવ્યું.

જ્ઞાતિના એક પૂર્વજે કહેલી દંતકથા યાદ આવી. એકવાર મત્સ્યકન્યા જ્યારે દરિયાકાંઠે અનાયાસ પહોંચી ગયેલી ત્યારે એને માનવ દેહને જોયેલો. વાસ્તવમાં દરિયાકાંઠે આવતા કેટલાંક સ્ત્રી-પુરુષોને આલિંગનબદ્ધ જોયા હશે. એ દૃશ્યો મત્સ્ય કન્યાના મન પર અંકિત થયેલાં પરંતુ પોતાનાથી અલગ માનવીઓની આ દુનિયાથી એ સાવ અજાણ હતી. એટલે એ ઝડપથી પાછી વળી ગઈ હશે. કદાચ આજે પહેલીવાર એવા જ દેહધારી પુરુષને સાક્ષાત નિરખી રહી હતી. મત્સ્ય કન્યાના મનમાં રોમાંચ હોય એવું લાગતું હતું. એનો ચહેરો પ્રસન્ન લાગતો હતો. એમાં ડર નહોતો. વિસ્મય હતું. શક્ય છે કે દરિયાકાંઠે માનવ દેહધારી સ્ત્રી-પુરુષોના આલિંગનનું રહસ્ય એના મનમાં અકબંધ હશે. એવી ચેષ્ટાથી મત્સ્યકન્યાના મનમાં જુગુપ્સા થઈ હશે ? મારા હળવા સ્પર્શમાત્રથી મત્સ્યકન્યા સભાન થઈ ગઈ. એણે મારો હાથ હટાવવા પ્રયાસ કર્યો અને મેં એને આલિંગન આપી દીધું. પુરુષનો પ્રથમ સ્પર્શ થતાં જ એના રોમરોમમાં ચેતન આવી ગયું. એની ઉત્તેજના બળવત્તર થઈ ગઈ. સ્પર્શના આ સુખની કલ્પના સાકાર થઈ અને હું એમાં તરબોળ હતો.

મારે તો એને ઘણું બધું કહેવું હતું. વર્ષોથી હું એને સ્વપ્નમાં જોતો હતો. પરંતુ મત્સ્યકન્યા કશું સમજી શકતી નહોતી. એ અવાક્ થઈ ગયેલી. મેં ઘણા પ્રયત્નો કર્યા એને સમજાવવા. અંતે નિરાશ થઈને મેં ફરી મળવાના કોલ સાથે વિદાય લેવા હાથથી ઈશારો કર્યો. ત્યારે એ મને પ્રેમભરી નજરે જોતી જ રહી. મેં ચાલવાનું શરૂ કર્યું કે એ આવીને મને વળગી પડી. મારે માટે આ પળ અત્યંત ભાવસભર હતી, છતાં ત્યાં રહેવાનું શક્ય નહોતું. પરંતુ એને કેમ સમજાવવી ? હું તો ઇચ્છતો હતો કે મત્સ્યકન્યા સાથે આવે. અમે બંને તરતાં તરતાં દરિયાકાંઠે આવ્યાં.

બહુ જૂજ લોકો દરિયાકાંઠે ઊભા હતા. સૌ આશ્ચર્યથી મારી સાથે આવેલી મત્સ્યકન્યાને જોઈ રહ્યાં. કાંઠે આવીને મત્સ્યકન્યાએ મારો હાથ સજ્જડ પકડી લીધો હતો. હું એને મારી સાથે લઈ જવા ઇચ્છતો હતો. પરંતુ એના માટે એ શક્ય નહોતું. દરિયાકાંઠે વાંસની ઘોડી સાથે બાંધેલા તાર પર માછલીઓ સુકાતી હતી. એ જોઈને મત્સ્યકન્યા મનોમન સમજી ગઈ કે હું એને દરિયાના પાણી બહાર લઈ જવા પ્રયત્ન કરું છું. એક ક્ષણ રોકાઈને એણે મારી આંખોમાં જોયું. મને આલિંગન આપ્યું અને વીજળી જેમ સરકીને ઊંડા પાણીમાં અદૃશ્ય થઈ ગઈ.

---

ગોકુલપાર્ક સોસાયટી, ૮૦ ફૂટ રોડ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧, (મો) ૮૮૪૯૦૧૨૨૦૧,
Email: visjwagatha@gmail.com

---

(અહીં પ્રસિદ્ધ નવલકથાએ નલિની અરવિંદ અને ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ તથા વિ-વિદ્યાનગર મેગેઝીનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ નવલિકા સ્પર્ધામાં નવમું સ્થાન પ્રાપ્ત કરેલ છે.)

---

"Do not tell fish stories where the people know you. Particularly, don't tell them where they know the fish." **- Mark Twain**

"Three-fourths of the Earth's surface is water, and one-fourth is land. It is quite clear that the good Lord intended us to spend triple the amount of time fishing as taking care of the lawn." **- Chuck Clark**

"My biggest worry is that when I'm dead and gone, my wife will sell my fishing gear for what I said I paid for it." **- Koos Brandt**

 ISSN 0976-9609

|| નીતિ-બોધ ||

## નમ્રતા એટલે પ્રભુતા

રણછોડ શાહ

સમય હંમેશાં ગતિશીલ હોય છે. તેમાં પ્રગતિ પણ હોય અને ક્યારેક અધોગતિ. સૌ આગળ વધવા ઈચ્છે તે સ્વાભાવિક છે. પ્રગતિ કરવા માટે વિવિધ ગુણો હોવા આવશ્યક છે. જે વ્યક્તિ પોતાની કામગીરી જવાબદારીપૂર્વક કરે તે વ્યક્તિ પ્રગતિ તો કરે છે. ક્યારેક પ્રગતિ વ્યક્તિને સદ્ગુણી બનાવે છે તો ક્યારેક તેનાથી વિપરીત પણ થાય. પ્રગતિને સાચવવી અને પચાવવી અત્યંત કઠીન છે. પ્રગતિ વ્યક્તિત્વના વિકાસને ઉજાગર કરે છે.

ખાસ કરીને છેલ્લા ત્રણ દાયકામાં ભારતમાં આવેલ વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણને કારણે લોકોની આર્થિક સ્થિતિમાં અકલ્પનીય પ્રગતિ થયેલી નજરે પડે છે. ઉદારીકરણને કારણે સરકાર નીતિનિયમોમાં અનેક પ્રકારની છૂટછાટો આપે છે. ખાસ કરીને ધંધાકીય ક્ષેત્રે તેને કારણે અત્યંત પ્રગતિ થઈ છે. ઉદારીકરણને વ્યક્તિગત અને સંસ્થાગત ક્ષેત્રે આર્થિક વૃદ્ધિ થઈ હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાય છે. વ્યક્તિગત આમદાનીમાં વૃદ્ધિ થઈ છે. બજારમાં પૈસો દેખાઈ રહ્યો છે. આ શક્ય બન્યું કારણ કે સરકારે ખાનગીકરણને પ્રોત્સાહન આપ્યું. મોટાભાગની વ્યક્તિઓ આર્થિક રીતે પોતે આગળ વધે તો સાથી કાર્યકરોને પણ તેનો લાભ થાય તેવું જોતા હોય છે. સાથીઓને સાથે લઈને ચાલવાની આપણી સંસ્કૃતિ છે. આ પરિસ્થિતિ વૈશ્વિકરણે મહત્વનો લાભ ભજવ્યો છે. આજે દુનિયા એક વૈશ્વિક ગામડું બની ગઈ છે. ૧૯૯૧માં તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિંહ રાવ અને તે સમયના નાણામંત્રી ડો. મનમોહન સિંઘની સમજણથી ભારતમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણ અમલમાં આવ્યું. આ ત્રણ નિર્ણયોને કારણે વ્યક્તિગત અને સંસ્થાગત ક્ષેત્રે આર્થિક સ્થિતિમાં પ્રગતિ થઈ. સંસ્થા અને વ્યકિતની આર્થિક સ્થિતિ ધીરે ધીરે મજબૂત બનતી ગઈ. લગભગ મોટાભાગના લોકો વ્યક્તિગત ધોરણે પણ નાણાંકીય રીતે આગળ વધ્યા.

આજ પરિસ્થિતિ રાજકીય ક્ષેત્રે પણ થઈ. થોડા વર્ષો અગાઉ વિવિધ રાજકીય પક્ષના કાર્યકરો આંતરમુખી હતા. પોતાનાથી થાય તે સામાજિક સેવા કરતા, રાજકીય પક્ષો પોતપોતાની વિચારધારાને આધારે કાર્ય કરે છે. તેથી જે તે પક્ષના કાર્યકરો તેમની નીતિરીતી અનુસાર કાર્ય કરતા હતા. પરંતુ ધીમે ધીમે તેમાં પણ કાર્યકર્તાઓ આગળ વધતા હોય તેવું નજરે પડે છે. વર્તમાનમાં નાનામાં નાના કાર્યકર અત્યંત ઉચ્ચકક્ષાના નેતા હોય તેવું વર્તન કરે છે. આ પરિવર્તન અકલ્પનીય બન્યું છે. સૌ પાસે અમર્યાદ સત્તા હોય તેવો દેખાવ કરે છે અને હાઉ ઊભો કરે છે. તેમની પાસે સત્તા અને સંપત્તિ બંને આવી ગયા.

છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષમાં સમાજનો બહુ મોટો વર્ગ સત્તા અને સંપત્તિનો માલિક બન્યો. આ વર્ગે આ બધું રાતોરાત મેળવ્યું છે. તેમની લાયકાત કરતાં અનેકગણું વધારે મેળવ્યું છે. તેથી તેઓમાંથી નમ્રતાનો સદ્ગુણ તદ્દન અદૃશ્ય થયેલો સતત નજરે ચડે છે. નમ્રતા એટલે માત્ર વિનયી જ નહીં. પરંતુ આજ્ઞાર્કિતપણું પણ ખરું જ. નમ્રતાનો પૂર્ણ અર્થ તો શૂન્યતા છે. શૂન્યતા એ મોક્ષની સ્થિતિ છે. નમ્ એટલે નમવું, છોડી દેવું તેમ ગણી શકાય. નમ્રતા એક વૃત્તિ છે, સુટેવ છે. વિનય અને વિવેકનો સરવાળો એટલે નમ્રતા. આપણામાં કહેવત છે કે “નમે તે ભગવાનને ગમે”. નમ્રતા તો પ્રભુતા છે. જે વ્યક્તિ નરમાશ જાળવે છે તે સૌને પ્રિય થઈ પડે છે. વિનમ્રતાથી મોટો કોઈ સદ્ગુણ નથી. નમ્રતા તો પ્રગતિના પથનું પહેલું પગથિયું છે. પરંતુ સત્તા અને સંપત્તિના મદમાં આ સનાતન સત્ય સમજાવવું કઠીન જ નહીં અશક્ય લાગે છે.

નમ્રતા એ “બાયલાપણું” નથી. નમ્રતા એટલે શક્તિવિહીન નહીં. નમ્રતા એટલે બીકણ નહીં.

નમ્રતા એટલે નમાયલાપણું નહીં. નમ્રતા એ નબળી સ્થિતિ દર્શાવે છે. તેમ નથી જ. પરંતુ કમનસીબે સમાજમાં કેટલાક લોકો નમ્રતાને લઘુતાગ્રંથી સાથે જોડી દે છે. જે કાંઈ કરી શકતો નથી તે નમ્ર છે તેમ સમજવામાં અને સમજાવવામાં આવે છે. નમ્રતાને તાબેદારી કે પરાધિનતા સમજવામાં આવે છે. નમ્રતા એ ગુલામી નથી પરંતુ નમ્રતા તો વિનય અને વિવેકની ઉચ્ચત્તમ સ્થિતિ છે. નમ્ર બનવું તે જેવા તેવાનું કામ નથી. નમ્ર બનવા માટે જબરદસ્ત ધીરજ અને સહનશીલતાની જરૂર પડે છે. નમ્રતા ગ્રહણ કરવા અને આચરવા માટે અદ્‌ભૂત શક્તિની જરૂર પડે છે. નમ્ર વ્યકિતએ પોતાની જાત ઉપર કાબુ રાખવો પડે છે. ગમે તેવા ઉશ્કેરાટની વચ્ચે પણ વ્યક્તિએ પોતાની જાત ઉપર કાબુ રાખવો પડે છે. પોતાનું નુકસાન થતું હોય તો પણ નમ્રતાપૂર્વક વર્તન કરી શાંત રહેવું કાચાપોચાનું કામ નથી. જે વ્યક્તિ મન ઉપર જબરદસ્ત કાબુ રાખી શકે તે જ વિનમ્ર રહી શકે.

વર્તમાન સમયે સત્તા (Power), સંપત્તિ (Money) અને શક્તિ (Strength)એ પ્રદર્શનનો વિષય બની ચૂક્યા છે. આ ત્રણનો માલિક સર્વાસત્તાધિશ છે તેવું માને છે. તે ધારે તે કરી શકે છે તેવી માન્યતા સમાજમાં સ્થાપિત થઈ ચૂકી છે. પરંતુ તે વાત સાચી નથી. કોઈપણ વ્યક્તિ નમ્ર હોય તો પાંચમાં પૂછાય છે. તેથી તો મહાન પુરુષોએ નમ્રતામાં પ્રભુતાના દર્શન કર્યા છે. તેથી જ અલગ ચીલો ચાતરનાર મહાપુરૂષો સદાય નમ્ર રહ્યા છે. નમ્રતાએ જ તેમને ઈતિહાસના વ્યકિત બનાવ્યા છે. તેઓ ક્ષણજીવી નહીં ચિરંજીવી બન્યા છે.

૪૭, સુવર્ણપૂરી સોસાયટી, જેતલપુર રોડ,
વડોદરા, (મો) ૯૯૭૯૮૬૧૬૩૧

**જો કોઈ વ્યક્તિ ખૂબ ભણે છે, પરંતુ તેના સ્વભાવમાં નમ્રતા નથી. તો તેને યોગ્ય માન મળતું નથી. નમ્રતાથી આપણે અજાણ્યા લોકો સાથે પણ સારા સંબંધ રાખી શકીએ છીએ.**

(પેજ નં. ૩૨ નું ચાલુ)

બધું પાણી ખાલી થઈ જશે તે વાત સમજતી કુશળ ગૃહિણી તરત જ તેનો ઉપાય કરી લે છે. તો દેશની અર્થવ્યવસ્થાને ખાનાખરાબ કરનારાં આ કાણાં પુરવાની જવાબદારી શું આપણી બધાની નથી ? કે પછી આ વાત સમજાવવા માટે પણ પશ્ચિમના દેશોમાંથી કોઈ આવે તેની આપણે બધા રાહ જોઈ રહ્યા છીએ ? કૃતિની શરૂઆત પોતાનાથી કરો. પણ તેને પોતાના સુધી મર્યાદિત ન રાખો. સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યકિતને આ ગણિત સમજાવો. શાળાના વિદ્યાર્થીઓ જો સમજી શકતા હોય તો આપણને તે સમાજાવવામાં શું તકલીફ છે ?

આ દેશના નેતૃત્વએ એક પગલું ભર્યું અને સમગ્ર વિશ્વને તેના આંચકા લાગ્યા. ભગવાન વામને ત્રણ પગલામાં પૃથ્વી માપી લીધી હતી. તે કથા આપણે બધા જાણીએ છીએ, એક પગલું ભરાઈ ગયું છે. બે પગલાં આગળ ભરવાની આપણી સૌની જવાબદારી છે. - તે દિશામાં વિચારીએ - વર્તનમાં મૂકીએ.

(વિજય સંકેત (૯૮ પૂર્વેનું ભારત અને ૯૮ થીનું ભારત : વૈશ્વિક પરિદૃશ્યમાં) લે. ડો. પ્રદીપ કુરુડકર (બી.એ.આર.સી.ના વૈજ્ઞાનિક), અનુ. શ્રીકાન્ત કાટકરે, તૃતીય સંસ્કરણ-માર્ચ-૨૦૦૭, પૃ.પુનરુત્થાન ટ્રસ્ટ, અમદાવાદ)

પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
(મો) ૯૪૨૯૪૧૫૩૬૧


ISSN 0976-9609

॥ પુસ્તિકા-પરિચય ॥

## 'વિજય સંકેત' - ભારતની પરાક્રમ ગાથા

**મહેન્દ્ર નાયી**

વિજય સંકેત નામની આ નાનકડી પુસ્તિકામાં મોટા પરાક્રમની ગાથા છે. ૧૧ અને ૧૩ મે - ૧૯૯૮ નાં બે દિવસો ભારતનાં ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયા છે. તે દિવસે ભારત પરમાણું પરીક્ષણો કરીને અણ્વાસ્ત્ર સંપન્ન મહાસત્તાઓની હરોળમાં આવીને ઊભું રહ્યું. એ મહાન પરાક્રમ કરનારી ટીમનું નેતૃત્વ કર્યું આપણા પૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામજીએ તેઓએ તેમના પ્રેરક નેતૃત્વમાં ભારતીય વૈજ્ઞાનિકો, સેનાના અધિકારીઓએ એક અદ્ભૂત પરાક્રમ કર્યું, એ રીતે આ પુસ્તિકા પરાક્રમની ગાથા છે. ભારતનાં ઉજ્જ્વળ ભવિષ્યનો એમાં સંકેત છે. આ ટીમના એક સભ્ય એવા એક અણુવૈજ્ઞાનિક ડો. પ્રદીપ કુરુડકરે આ યશોગાથાને પોતાના પ્રવચનો દ્વારા જન-જન સુધી પહોંચાડી પ્રજાને પ્રેરણા આપવાનું ઉત્સાહ આપવાનું કાર્ય કર્યું. તેમનાં મૂળ મરાઠી ભાષણની ધ્વનિમુદ્રિકા પરથી શ્રીકાંતજી કાટઘરેએ અનુવાદ કરીને આ પુસ્તકનું પ્રકાશન કર્યું છે. ભારતીય પ્રજા આ પરાક્રમનાં સંકેતો સમજે એ આ પુસ્તિકાની ફળશ્રુતિ છે.

અહીં ત્રણ પરીક્ષણનાં પરિણામોને ત્રણ પ્રતિક્રયામાં વ્યક્ત કરી છે. તે દેશનાં ગૌરવને કેવી રીતે વ્યક્ત કરે છે, તે જાણવું એ પણ ગૌરવ ઘટના છે. અગિયાર અને તેર મે ૧૯૯૮ના યાદગાર દિવસે બપોરે ત્રણ વાગેને સાત મિનિટ અને સુડતાલીસમી સેકંડે રાજસ્થાનનાં પોખરણમાં ભારત સરકારની સૂચનાથી આ દેશના પરમાણું વૈજ્ઞાનિકોએ પાંચ અણુપરીક્ષણ કર્યા. ખરેખર એ દિવસે આપણે શું પ્રાપ્ત કર્યું ? તેમાં કયા કયા ડિવાઈસ વપરાયા હતા ? તે દિવસે આપણે ત્રણ-ત્રણ પરીક્ષણ કર્યા, જેમાં પ્રથમ હતો (૧) વિમાનની પાંખો નીચે લઈ જઈ શકાય અને શત્રુ પર નાખી શકાય તેવો પ્રચંડ કદનો અણુબોમ્બ, જેને Conventional Atom Bomb તરીકે ઓળખી શકીએ. (૨) બીજું પરીક્ષણ થયું તે વિમાનના અગ્રભાગ પર સ્થાપિત કરી શકીએ તો આ તંત્રજ્ઞાનને Sub kilo ton એવા નામે ઓળખી શકીએ અને આ તંત્રજ્ઞાનને સુપર હાઈટિક ટેકનોલોજીનાં નામથી ઓળખી શકીએ. (૩) ત્રીજું પરીક્ષણ થયું તે Thermo Neuclear ડિવાઈસ તરીકે ઓળખાય છે. પ્રત્યક્ષ બોમ્બનું પરીક્ષણ આ પૃથ્વી પર પ્રત્યક્ષ યુદ્ધક્ષેત્રને બાદ કરતાં ક્યાંય સંભવ નથી, એવું એ મહાભયાનક અને સર્વવિનાશક શસ્ત્ર છે. એટલે અણુબોમ્બને આપણે હાઈટિક ગણીએ તો, બાકી બંને પરીક્ષણોને સુપર હાઈટિક ગણી શકાય. આ દરમ્યાન પરીક્ષણ સમીક્ષાનું કાર્ય નિયંત્રણ કક્ષમાં ચાલી રહ્યું હતું. પ્રથમ ત્રણ પરીક્ષણ માટે લગભગ સિત્તેર વિભાગમાં કામ વહેંચાયેલું હતું. લગભગ બે કલાકની મહેનત પછી નીકળેલા તારણો એવા હતા કે પરીક્ષણને કારણે ઉત્પન્ન થયેલા ઉત્સર્જિત કિરણોને કારણે પર્યાવરણને કોઈ હાનિ પહોંચી નથી. બે વાત ખૂબ મહત્વની હતી એક તો પરીક્ષણો સફળ થઈ ગયાં, અને બીજું પર્યાવરણને કોઈપણ પ્રકારની હાનિ પહોંચી નથી. એ પછી આ સંદેશ માનનીય પ્રધાનમંત્રીને પહોંચાડવામાં આવ્યો હતો. વડાપ્રધાને પત્રકાર પરિષદમાં હાથમાં તિરંગો લઈને સંતુલિત શબ્દોમાં ઘોષણા કરી - ભારત હવે અણ્વાસ્ત્ર સંપન્ન દેશ બની ગયો છે. તેનો અર્થ એ હતો કે એક રાષ્ટ્રે વૈજ્ઞાનિક પ્રગતિને આધારે પોતાની સુરક્ષાની દિશામાં એક મહત્ત્વનું પગલું ભર્યું છે.

પરીક્ષણોની અસર ભૂકંપના આંચકાની જેમ આજુબાજુના સો સવાસો ગામ સુધી પહોંચી ગઈ હતી પરંતુ આ પત્રકાર પરિષદનાં વૈચારિક ઝાટકા તો વિશ્વનાં ખૂણે-ખૂણે લાગ્યા હતા. જેની તીખી પ્રતિક્રિયાઓ આવવાની શરૂઆત થઈ ગઈ હતી. અનેક ક્ષેત્રોમાંથી આવી. તેને ત્રણ ભાગમાં વહેંચી શકાય. એક તો વિશ્વભરનાં અણુવૈજ્ઞાનિકોએ આપેલી પ્રતિક્રિયા, બીજી સર્વસામાન્ય નાગરિકોએ આપેલી

પ્રતિક્રિયા અને ત્રીજી વિશ્વના રાજનૈતિક ક્ષેત્રમાંથી આવેલી પ્રતિક્રયા. દૈનિક વર્તમાનપત્ર સકાળ(પૂણે)માં દરરોજ એક નાનું વ્યંગચિત્ર આવે છે. તેમાં બારમી તારીખનું ચિત્ર બહુ જ માર્મિક હતું. એક રસ્તાને કિનારે શાકભાજી વેચવા બેઠેલા બે માણસો વાતો કરી રહ્યા છે. એક જણ બીજાને કહી રહ્યો છે, ગયાં બે દિવસથી શરીરમાં વિશેષ શક્તિ સંચાર થયો હોય એવું લાગે છે. આ હતું આપણા જનસામાન્યનું મનો- ભાવનાઓનું પ્રતિબિંબ. આ દેશની લગભગ ૯૨ ટકા પ્રજાએ આ સંપૂર્ણ ઉપક્રમનું દિલથી સ્વાગત કર્યું હતું. કેવી હતી આ પ્રતિક્રિયાઓ ? વિશ્વભરના સામાન્ય લોકોની પ્રતિક્રિયાઓ ભારત સરકારના નિર્ણયનું સ્વાગત કરનારી હતી. ખાસ યુરોપીય દેશોના લોકોની પ્રતિક્રિયા ઓ ભારતનું સમર્થન કરનારી હતી, એટલું જ નહીં. યુરોપીય દેશોના જનસામાન્યની પ્રતિક્રિયાઓ એવી હતી કે ભારત, જે અગિયાર મે અઠ્ઠાણું સુધી વિકાસશીલ રાષ્ટ્રોની શ્રેણીમાં હતું. તેણે હવે વિકસિત રાષ્ટ્રોની શ્રેણીના પ્રથમ પગથિયે પગ મૂક્યો છે, તે આપણું સ્વાભાવિક મિત્ર છે. ક્યારેક તેની સામે સહાયતા માટે હાથ ફેલાવીશું તો, તે હવે વિકસિત રાષ્ટ્ર હોવાથી અવશ્યક સહાયરૂપ થશે. આ પ્રતિક્રિયા મોટાભાગનાં દેશોની હતી.

સર્વસામાન્ય માણસોની પ્રતિક્રિયા કેટલી ઉત્સાહવર્ધક હતી તેનું એક જ ઉદાહરણ - અમે મે મહિનાની આખરમાં વાયુસેનાના વિમાનમાં મુંબઈ પાછા ફર્યા. વિમાનમથકે ઉતર્યા ત્યારે અડધી રાત થઈ ગઈ હતી. મારી સાથે મારા કેટલાક સહયોગીઓ પણ હતાં. સવારે પૂણે જવાનું હોવાથી રાત્રે તેમની સાથે અણુશક્તિ નગર જવું, અને રાત ત્યાં રોકાઈને સવારે જવું એમ નક્કી થયું. અમારી સાથે કેટલાંક ઉપકરણો પણ હોવાથી આ બધો સામાન બી.એ.આર.સી. પહોંચાડીને પછી શક્તિનગર જવું પડે તેમ હતું. તેથી ટેક્સીની શોધ શરૂ થઈ. સામાન્ય રીતે વિમાનમથકેથી બી.એ.આર.સી. જવા માટે ટેકસીવાળા દોઢું ભાડું માંગતા હોય છે. હું મુંબઈના ટેકસીવાળાઓની ખાસિયત જાણતો હતો. રાત્રે દોઢ વાગે એ બી.એ.આર.સી. ગયા ત્યાંની જ એકાદ ગાડી લઈ લઈએ તેવી ચર્ચા રસ્તામાં ચાલતી હતી. ડ્રાઈવર બધી વાતો સાંભળતો હતો, તેણે કહ્યું - તમારે ગાડી બદલવાની આવશ્યકતા નથી. અમે તમને પહોંચાડી દઈશું, ફક્ત એકમેક જ શરત છે. અમે આશ્ચર્યની સાંભળતા હતાં. તેણે કહ્યું, અમે તમારી પાસેથી એક પૈસો પણ ભાડું નહીં લઈએ. એ અમને ઓળખતો ન હતો પણ અડધી રાત્રે આવી રીતે બી.એ.આર.સી. અને ત્યાંથી અણુશક્તિ નગર જનારા લોકો કોણ હશે તેનો અંદાજ તેને આવી ગયો હતો અમે આનાકાની કરી તો તેણે જે વાત કરી તે મને લાગે છે કે અમારા પરાક્રમનો સૌથી મોટો પુરસ્કાર હતો. તેણે કહ્યું તમે બધા દેશ માટે આટલું મોટું કામ કરો તો અમે તમારે માટે આટલું પણ ન કરી શકીએ ? (પૃ.૭) આવા આશ્ચર્યચકિત કરી દે તેવા અનુભવો લોકો પાસેથી મળ્યા હતાં.

બીજી પ્રતિક્રયા અણુવિજ્ઞાનના ક્ષેત્રમાં કરનારા વિશેષજ્ઞો પાસેથી મળી છે. આ ક્ષેત્રમાં કામ કરનારા માટે તે ખૂબ મહત્વની છે. પોખરણમાં કામ કરનારા વિશેષજ્ઞોની ખાવા-પીવાની વ્યવસ્થા પોખરણ નજીકના બહરિયાલાઠી ગામના સરપંચ જોતાં હતાં.પરંતુ પરીક્ષણ પછી ઘણાં બધાં લોકો પોતપોતાનાં સ્થાને પરત ફર્યા. ફક્ત ત્રીસ-પાંત્રીસ લોકો ત્યાં રહ્યાં હતાં, જે ભોજન મંગાવવાને બદલે ગામમાં જતાં હતાં, ત્યાં જ સરપંચ દ્વારા ટી.વી. જોવાની વ્યવસ્થા થઈ. યોગાનુયોગ એ વખતે રાત્રે અગિયાર-સાડા અગિયારે બી.બી.સી. પર એક પત્રકાર પરિષદ ચાલતી હતી. તે પૂરી થઈ. મુલાકાતનો કાર્યક્રમ શરૂ થયો, તેમાં એક ફ્રેંચ, એક બ્રિટિશ અને એક ડચ વૈજ્ઞાનિક ભાગ લઈ રહ્યાં હતાં. અન્ય દેશોના પરીક્ષણની વાતચીત બાદ એક અનુભિવી વિદ્વાને પોતાનો અભિપ્રાય પ્રશ્નાર્થથી જણાવ્યો ચોવીસ વર્ષના લાંબા ગાળા પછી ભારત આટલું મજબૂત થઈને પોતાના પગ પર ઊભું થયું તે શું આશ્ચર્યજનક નથી ? ચુંમોતેરના મે મહિનામાં આપણે પ્રથમ પરીક્ષણ કર્યું હતું. પછી લાં...બા સમય સુધી આપણે

 ISSN 0976-9609

નિષ્ક્રિય રહ્યાં, વૈજ્ઞાનિક સંશોધનોના ક્ષેત્રમાં સિદ્ધિઓનું જ મહત્ત્વ છે. આ વિ...લં...બ નો મર્મ સમજનારા વિકસિત રાષ્ટ્રો આપણી સામે અત્યંત તુચ્છ નજરે જોતાં હતાં, અને તે સ્વાભાવિક જ હતું. એટલે જ વિશ્વ પૂછી રહ્યું હતું, શું આ આશ્ચર્યજનક નથી? આવી પૃષ્ઠભૂમિમાં આપણે ત્યાં ચોવીસ વર્ષ સુધી કોઈપણ પ્રકારના પ્રયોગની અપેક્ષા રાખ્યા સિવાય કામ કરતાં રહેનારા માણસો મળે છે, એ જ વિશ્વ માટે મોટું આશ્ચર્ય રહ્યું છે. એક પરિક્ષણ કરવામાં કેટલો બધો સમય લાગતો હોય છે. કેવા કેવા ભયસ્થાનો હોય છે. પરંતુ ત્રણ-ત્રણ અલગ પરીક્ષણો એક સાથે કરવા એ તો ઘણાને નર્યું ગાંડપણ પણ લાગે તેવું છે. છતા મળેલી તકનો પૂર્ણ ઉપયોગ કરી લો એવો મરણિયો વિચાર-પોતાના જીવના જોખમે આ લોકોએ પ્રયોગ કર્યા હતા. બસો પરીક્ષણ પછી એક પણ સુપર હાઈટિક પરીક્ષણ સફળ ન થયા હોય અને પછી ચોવીસ વર્ષના લાંબા સમય(અંતરાલ)- પછી આવી દુર્લભ સિદ્ધિ પ્રાપ્ત થાય એટલે આશ્ચર્ય મિશ્રિત પ્રશંસાના શબ્દો નીકળે જ નીકળે. અને હા, ગઈ બે પેઢીઓ ચોવીસ વર્ષ દરમિયાન શું કાર્ય કરી રહી હતી તે પણ ઘણું જ રસપ્રદ છે. એક જ સમયે જે રાષ્ટ્ર આટલા ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરીને દુનિયાને સ્તબ્ધ કરી દે તેની સામે પ્રતિક્રિયા કોણ આપી શકે ? ભારતે એક ક્ષણ માટે મુઠ્ઠી ખોલીને બંધ કરી લીધી છે. ત્યારે તેમને એ અંદાજ નથી આવતો કે મુઠ્ઠીમાં હજી પણ શું-શું ભરેલું છે, આ વાત સહન કરવાનું જ બધાને ભારે પડે છે. આ ચુંમોતેરથી લઈ આજ સુધીના પરીક્ષણોની જાણકારી અમેરિકાને નહોતી મળી. તેની પાસે ગુપ્તચર તંત્ર હતું(છે). ભારતની સૈનિક હિલચાલોથી માહિતગાર રહેવા માટે અને પ્રવૃતિઓની માહિતી મેળવવા માટે અમેરિકાએ ત્રણ જીઓ સ્ટેશનરી (Jeo Stationary) અને એક જીઓ સિંક્રોનાઇઝ (Jeo Synchyronize) ઉપગ્રહો આકાશમાં તરતા મૂક્યા, છતાંય '૯૮માં થયેલા પાંચમાંથી એકેય પરીક્ષણની તેને ગંધ પણ ન આવી. આ વાત સહન કરવી એ તેને માટે બહુ જ કઠિન હતું. આ કાર્ય એ દ્રષ્ટિએ મહત્ત્વનું છે, કે અમેરિકાને એકપણ જયચંદ પ્રાપ્ત ન થયો. અને આપણે બધાયે સંગઠિત થઈને આવડું મોટું સફળ પરાક્રમ કર્યું એ જ આપણો સૌથી મોટો વિજય છે. આ જેવી-તેવી વાત નથી જ. આ પ્રત્યક્ષ અભિયાનમાં ભાગ લેનાર માટે ઘણી ગુપ્તતા પણ રાખવામાં આવી હતી. જેમ કે ઘરના અંગત લોકોને પણ ખ્યાલ નહોતો કે 'એ' ક્યાં છે ? આવા નિર્ણયો એવા જ લોકો લઈ શકતા હોય છે જેમને માટે ખુરશી કરતાં દેશ વધારે મહત્ત્વનો હોય છે. સૈન્યમાં એક વાક્ય પ્રચલિત છે કે બંદૂક નથી લડતી પણ તેની પાછળના હાથ લડે છે. આગળ વધીને કહી શકાય કે હાથ નથી લડતા પણ તેની પાછળ જે મગજ હોય છે તે લડે છે. આપણે જે કામ કરી રહ્યા છીએ તેની સાથે આપણું માનસિક જોડાણ કેટલું છે તેની ઉપર જ આપણી સફળતાનો આધાર છે. ડો. ચિદમ્બરમે કહ્યું કે મિત્રો એક સારા સમાચાર છે આપણને અણુપરીક્ષણ કરવાની અનુમતિ મળી ગઈ છે, આ સાંભળતા જ બધા આનંદથી નાચી ઉઠ્યા પરંતુ તેમના બીજા વાક્યએ બધો જુસ્સો ઠારી નાખ્યો. તે વાક્ય હતું, આપણી સામે એક મોટો પડકાર પણ છે આપણે કેવળ એક જ નહીં પાંચેય ડિવાઈસનું પરીક્ષણ કરવાનું છે. સાંભળતા જ બધાની જાણે હવા જ નીકળી ગઈ હતી. કારણ એક મહિનાના ટૂંકા ગાળામાં પાંચ પરીક્ષણ એક સાથે કરવા એ કેટલી અઘરી વાત છે તે બધા જાણતા હતા. ઉપરાંત ભૌગોલિક સ્થિતિને લઈને કોઈપણ સંજોગોમાં પંદરમી મે પહેલા પરીક્ષણો પુર્ણ કરવા પડે તેવી સ્થિતિ હતી. બધાને કાર્ય લગભગ અસંભવ લાગતું હતું. (પરીક્ષણની પૂર્ણ તૈયારી એટલે શું ? બસો મીટર ઊંડો એક કૂવો જોઈએ. બસો મીટર એટલે બાંધકામની ભાષામાં સાંઠ માળની ઈમારત જેવડું) પરંતુ ભારતીય સેનાનનું મનોબળ અને કર્તૃત્વ આપણે કારગિલમાં જોયું જ છે. યુદ્ધકાળની જેમ જ શાંતિકાળમાં પણ આવા વૈજ્ઞાનિક પરીક્ષણોનાં સમયે સૈન્યની ભૂમિકા મહત્ત્વની હોય છે.

ISSN 0976-9609

આ પડકાર ઉપાડી લેવા પાછળની પ્રેરણા પણ એવી જ જોરદાર હતી. ડો.ચિદમ્બરની જાહેરાતથી વ્યાપ્ત મૌન અને થંભી ગયેલી હવા જોઈને ડો.કલામ ઊભા થયા, બધાની મનઃસ્થિતિ તેમના ધ્યાનમાં આવી ગઈ. તેમણે પડકાર શબ્દ ઉપાડી પોતાનું વક્તવ્ય શરૂ કર્યું. મિત્રો, આ એક તક છે, સાથે સાથે એક પડકાર પણ છે, આપણને મળેલા પ્રત્યેક પડકારને આપણે તકમાં પરિવર્તિત કરી શકીએ તો જ આપણે આપણી જાતને વૈજ્ઞાનિક તરીકે ઓળખાવવાનાં અધિકારી છીએ. હનુમાનને પોતાની શકિતની યાદ અપાવવા જેવું હતું. સંપૂર્ણ મહિનાભર ત્યાં કામ કરી રહેલા બસોથી અઢીસો લોકોમાંથી દસ જણ ક્યારે ચા પીવા માટે એકત્ર થયા હોય તેવું બન્યું નહોતું. પ્રતિકૂળ પરિસ્થિતિમાં તરુણોની સાથે સડસઠ વર્ષના ડો. કલામ પણ ખભેખભા મિલાવી કામ કરતાં હતાં. સખત ગરમીમાં ખમીસનું બટન પણ ઉઘાડું ન રખાય. રેતીનો કણ અડે તો ફોલ્લો ઉપડી આવે. અસહ્ય બળતરા થાય શરીર ઢાંકી રાખો એટલે અંદર પરસેવાનાં રેલા ચાલે. તે સમયે ડો. કલામના હાથમાં ચિઠ્ઠી આવી વાંચીને તરત તેમણે ડો.કાકોડકરનાં હાથમાં આપી. મુંબઈમાં ડો.કાકોડકરનાં પિતાજીના અવસાનનાં એ સમાચાર હતાં. આવી સ્થિતિમાં માણસ સામાન્ય રીતે શું કરે ? બધું કામ પડતું મૂકીને ઘેર પહોંચી જાય. ડો. કાકોડકર ચિઠ્ઠી વાંચીને એકાંતમાં જતાં રહ્યાં. ડોક્ટર કલામ તેમની પાસે ગયા. પિતાના મૃત્યુની જાણ ત્યાં ઉપસ્થિત મોટાભાગના લોકોને પંદર જુલાઈ પછી ઈન્ડિયા ટુડેમાં છપાયેલ લેખને કારણે થઈ. બધા ભેગા મળીને કેવો ચમત્કાર સર્જી શકે છે તે ભારતે અદ્ભુત સફળ અણુ પરીક્ષણો કરીને દુનિયાને બતાવી દીધું છે.

પરીક્ષણોની ત્રીજી એટલે કે રાજકીય પ્રતિક્રિયા. જેનામાં ઉત્તીર્ણ થવાનો પ્રબળ આત્મવિશ્વાસ હોય તેવું નેતૃત્વ જ આવા પ્રકારનો ગંભીર અને ઐતિહાસિક મહત્વનો નિર્ણય લઈ શકે. તાત્કાલિક આવેલી પ્રતિક્રિયાઓ કેટલી ખરાબ હતી. બિલ ક્લિંટન તે દિવસે જર્મનીમાં હતાં. તેમનો ગુસ્સો સાતમા આસમાને પહોંચેલો હતો. ત્યાંથી જ તેમણે ભારતમાં શિક્ષાત્મક કાર્યવાહીના સ્વરૂપમાં અનેક પ્રતિબંધોની ઘોષણા કરી. ચર્ચા વિચારણા કરવા જેટલું ધર્ય પણ તેઓ રાખી ન શક્યા. સન્ડે મિરર વર્તમાનપત્રમાં એક સુંદર વ્યંગ ચિત્ર આવ્યું હતું. પૃથ્વીનો ગોળો અને તેની ઉપર એક વાલના દાણા જેવડો પ્રદેશ અલગ પાડી, તેની ઉપર ઊભા રહી બિલ ક્લિંટન દુનિયાને કહી રહ્યા હતા પ્લીઝ ડોન્ટ ટ્રાય ટુ આઈસોલેટ ઈન્ડિયા વાસ્તવમાં કોણ એકલું પડ્યું હતું તે ચિત્ર બરાબર બતાવતું હતું. ફ્રાંસ-રશિયાએ (તેરમી તારીખની બેઠકમાં) પહેલા જ દિવસે ભારતને સમર્થનની પોતાની ભૂમિકા જાહેર કરી દીધી. ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેંડ જેવા અમેરિકાના મિત્ર રાષ્ટ્રોએ પણ પોતાની તટસ્થ નીતિ ઘોષિત કરી. અમેરિકાના પ્રસ્તાવિત ઠરાવની આવી રીતે કસુવાવડ થઈ ગઈ. આ ક્ષેત્રમાં સફળ થવું હોય તો આપણા જ પગ પર ઊભા રહેવું પડશે. કાખઘોડી લઈને કોઈ દોડની સ્પર્ધામાં જીતી ન શકે. આપણે જો સ્વનિર્ભર થઈશું તો જ આપણી પ્રગતિ સંભવ છે. સ્વદેશીના વિષયની ઘણીવાર હાંસી ઉડાવાય છે, પરંતુ એ વિષયને અત્યંત ગંભીરતાથી લેવાની આવશ્યકતા છે. ૧૯૮૫ થી ૧૯૯૯ સુધી સમયગાળામાં ભારત સરકારે અણુવિજ્ઞાનના ક્ષેત્રમાં પાંચ પરીક્ષણ કરવા માટે ફક્ત ૧૫૦૦ કરોડ આપ્યા છે. જ્યારે તેની સામે આપણે ઠંડા પીણાંની વાત કરીએ તો કોઈપણ ઠંડુ પીણું આજે સ્વદેશી રહ્યું નથી. આપણી ૯૦ ટકા જનસંખ્યા જો આ બે મહિનામાં ફક્ત એક જ બોટલ પીણું પીવે તો પણ આપણે ૯૦૦ કરોડ રૂપિયા એક વિદેશી કંપનીને આપીએ છીએ અને એ એક એવી કંપની છે કે જે આમાંથી એકપણ પૈસો આપણા દેશના કલ્યાણ માટે વાપરવાના નથી. રાષ્ટ્રની સુરક્ષા અને પ્રતિષ્ઠા માટે અત્યંત મહત્ત્વનું તંત્ર ઊભું કરવા માટે આપણે કેવળ ૧૫૦૦ કરોડ રૂપિયા ફાળવીએ છીએ.

હવે વિચાર જ નહીં આચરણની આવશ્યકતા છે. પાણીના પાત્રમાં પડેલા એક નાનકડા એક છેદથી

**(અનુસંધાન પેજ નં. ૨૮ ૫૨)**

 ISSN 0976-9609

# ।। આદ્યસ્થાપકોને પુષ્પાંજલિ ।।



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યુ વિદ્યાનગરના સ્થાપક સ્વ.ડૉ. સી.એલ.પટેલની જન્મજયંતિ નિમિત્તે તા.૧૦/૦૪/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢૂલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ સહમંત્રી શ્રી રમેશ તલાટી, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, કૉલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી.એલ.પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

BOOK POST
May 2025

V-Vidyanagar 27 (05)
Published on 05/05/2025
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Maharana Pratap**



**9 May 1540 to 19 January 1597**

Maharana Pratap was king of the Kingdom of Mewar, in north-western India in the present-day state of Rajasthan. He is notable for leading the Rajput resistance against the expansionist policy of the Mughal Emperor Akbar including the battle of Haldighati and the battle of Dewair. He is celebrated for his bravery and defiance, making him a symbol of Rajput pride and valor.

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )